તા.૧૦.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૬૪૦ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૬૧ ફાઈલના રૂા.૧૨.૧૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૭ લોકેશન(ખાડા)૨૦૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૨.૫૩૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૯ લોકેશન(ખાડા) ૨૨૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૫૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૧ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,પાણીના નવા કનેકશન કુલ ૪૧ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૧૦૧૭૪/– વસુલ લેવામાં આવેલ. તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા – છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૫૦૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૦.૬૨ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૪.૮૦ લાખ થયેલ છે.,૦૫ ભહ તથા ૦૪ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૫૭૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૫૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૫ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૨ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૬ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૫.૯૨ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૧ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૦૪૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૯૭૦૧ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૨૮૭૬ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૬૯૫ કરવામાં આવેલ છે. જયારે ૨૭ નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૯૬૨/– વસુલ લેવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::





સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરીક શકિત ખીલે તેમજ અભ્યાસની સાથોસાથ રમત–ગમતના ક્ષેત્રે પણ તેઓ આગળ વધી શકે તેમજ તંદુરસ્ત હરિફાઈના ગુણ વિકસે તે માટે શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૪–૨૦૧૫ ના બીજા સત્ર દરમ્યાન સુમન શાળાઓ તેમજ શહેરની અન્ય ત્રણ શાળાઓ વચ્ચે '' વરાછા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ,જળકાંતિ મેદાન, ધરતીનગર,ફૂલપાડા ખાતે બે દિવસ ચાલનાર આ આંતરશાળા રમતોત્સવ તા.૧૦/૦૨/૨૦૧૫ ના રોજ માન.મેયર શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદ્ હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો.આ પ્રસંગે ડે.મેયરશ્રી રંજનબેન વેકરીયા, શ્રીમતી કિશોરીબેન કાપડીયા, અધ્યક્ષાશ્રી સાંસ્કૃતિક સમિતિ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, પ્રિન્ટ–ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ,તમામ સુમન શાળાઓના આચાર્યશ્રીઓ, પી.ટી.શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહયા હતા. કાર્યક્રમની શરૂઆત સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ)શાળાની વિદ્યાર્થીનીઓ દવારા પ્રાર્થના રજુ કરવામાં આવ્યા બાદ દીપ પ્રાગટય વિધી પૂર્ણ કરી ૧૦૦ મીટર તેમજ ૨૦૦ મીટર દોડની રમતને લીલી ઝંડી ફરકાવી માન.મેયરશ્રી દવારા રમતોત્સવનો પ્રારંભ કરાવવામાં આવ્યો. બે દિવસ ચાલનારા આ રમતોત્સવમાં ભાગ લેનાર ૮૦૦ જેટલા સ્પર્ધકો પૈકી પ્રથમ દિવસે ૩૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ એથ્લેટીકસ પ્રકારની દોડ,લાંબીકૂદ,ગોળા ફેંક,ચક્રફેંક, બરછીફેંક અને ચેસ તેમજ સામુહિક પ્રકારની રસ્સાખેંચ,કબડ્ડી તેમજ ખો–ખો જેવી જુદી જુદી રમતોમાં ભાગ લીધેલ તેમજ આવતી કાલે વિદ્યાર્થી (ભાઈઓ) ની વિવિધ રમતો પૂર્ણ થયા બાદ બંને દિવસની રમતોમાં વિજેતા થયેલ તમામ સ્પર્ધકોને ટ્રોફી તેમજ સને :૨૦૧૪–૧૫ ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિવિધ ક્ષેત્રે કોઈ ખાસ ઉપલબ્ધિ મેળવેલ હોય કે રમતોમાં રાજય કક્ષાએ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેમજ માર્ચ–૨૦૧૪ માં એસ.એસ.સી.બોર્ડ દવારા લેવાયેલ પરીક્ષામાં એ–૧ ગ્રેડ મેળવી ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓ ને રોકડ પુરષ્કાર આપી સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમનું આયોજન સુમન શાળા સેલ દવારા કરવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

પૂર્વઝોન (વરાછા)ના કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં થયેલ અનઅધિકૃત બાંધકામો નિયમિત કરવાને લગતાં એકટ ગૃડા–૨૦૧૧ હેઠળ થયેલ અરજીઓનો નિકાલ કરવાની કામગીરી હાલ અંતિમ તબકકામાં છે. આ કાયદા હેઠળ થયેલ અરજીઓના સ્ટેટસ અંગેની માહિતી સંબંધિત અરજદારોને મળી રહે, તે માટેની ખાસ વ્યવસ્થા તા. ૦૯/૦૨/૨૦૧૫ તથા તા.૧૦/૦૨/૨૦૧૫ ના રોજ ઝોન કચેરી ખાતે ગોઠવવામાં આવેલ. તે હેઠળ અરજદારોને તેઓની અરજી ગ્રાહય રાખવામાં આવેલ/અરજીનો ઈન્કાર થયેલ હોવાની માહિતી આપવામાં આવેલ તેમજ તેને આનુસાંગિક કરવાની થતી કામગીરી અંગેની માર્ગદર્શન પણ આપવામાં આવેલ. આ વ્યવસ્થાનો બંને દિવસો થઈ ને લગભગ ૫૩૦ અરજદારોએ લાભ લઈ જરૂરી માહિતી મેળવેલ છે. વધુમાં આ બંને દિવસો દરમ્યાન ૨૮૯ અરજદારો દ્વારા રૂા. ૫૨,૪૮,૧૬૭/– ની રકમ ઝોન કચેરીમાં ઈમ્પેકટ ફી પેટે જમા કરાવવામાં આવેલ છે. આ પ્રમાણે તા. ૧૦/૦૨/૨૦૧૫ સુધીમાં પૂર્વ(વરાછા) ઝોનમાં કુલ રૂા.૭૫,૨૭,૫૪,૦૦૪/– ની ડિમાન્ડ સામે કુલ રૂા. ૪૭,૯૭,૩૩,૬૫૦/– ની રકમની વસુલાત થયેલ છે.

## –: પ્રેસનોટ :–''મેયરકપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫''




સુરત શહેરના ચુંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના અધિકારીશ્રીઓ અને પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર્સ ટીમ, કમિશનર ટીમ, સુરત શહેર પત્રકાર સંઘ, કોહ પ્રેસ રીપોટર્સ ટીમ તથા પ્રેસ ફોટોગ્રાફર–ચેનલ ટીમનો સમાવેશ કરી ''મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫''નું આયોજન તા.૦૯/૦૨/૨૦૧૫ અને તા.૧૦/૦૨/૨૦૧૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ક્રિકેટ મેદાન, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

તા.૧૦/૦૨/૨૦૧૫ના રોજ સવારે ૮.૦૦ કલાકે ટુર્નામેન્ટની ત્રીજી મેચ કમિશનર ટીમ અને સુરત શહેર પત્રકાર સંઘ ટીમ વચ્ચે યોજાઈ હતી. સુવર્ણમયી સવાર અને ખુશનુમા માહોલ વચ્ચે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયાએ સૌ પ્રથમ બન્ને ટીમની ઓળખવિધિ બાદ ટોસ ઉછાળી મેચની શરૂઆત કરાવી હતી. સુરત શહેર પત્રકાર સંઘ ટીમે ટોસ જીતી બેટીંગ પસંદ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં છ વિકેટના ભોગે ૬૩ રન કર્યા હતા. જેમાં સંજય મહંતના ૧૩ રન, જયેશ બ્રહ્મભટ્ટના ૧૧ રન અને હર્ષ સોલંકીના ૮ રન મુખ્ય હતા. કમિશનર ટીમ વતી શ્રી ધર્મેશ સેલરએ ૪ ઓવરમાં ૨ મેડન ઓવર સાથે ૩ રન આપી ૧ વિકેટ, શ્રી મુદસ્સર શીરગરએ ૪ ઓવરમાં ૯ રન આપી ૨ વિકેટ અને શ્રી યોગેશ પટેલએ ૪ ઓવરમાં ૧૭ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. તેની સામે કમિશનર ટીમના શ્રી જતીનભાઈ દેસાઈ અને યોગેશ એમ. પટેલ ઓપનીંગમાં ઉતરતાં યોગેશ એમ.પટેલના ૪૦ બોલમાં ૩૯ રન નોટઆઉટ અને શ્રી જતીનભાઈ દેસાઈના ૩૦ બોલમાં ૧૭ રન નોટઆઉટ રહી સુરત શહેર પત્રકાર સંઘની ટીમે આપેલ ૬૪ રનનો લક્ષ્યાંક વિના વિકેટે ૧૧.૫ ઓવરમાં પુરો કરતાં કમિશનર ટીમનો ૧૦ વિકેટે વિજય સાથે ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આ મેચમાં મેન ઓફ ધ મેચ શ્રી મુદસ્સર શીરગરને ઘોષીત કરવામાં આવ્યા હતા.

મેયર્સ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫ની ચોથી અને ફાઈનલ મેચ તા.૧૦/૦૨/૨૦૧૫ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે મેયર્સ ટીમ અને કમિશનર ટીમ વચ્ચે રમાઈ હતી. મેયર્સ ટીમે ટોસ જીતી બેટીંગ પસંદ કરી શ્રી પ્રવિણભાઈ પટેલના ૨૯ રન, શ્રી યશોધરભાઈ દેસાઈના ૨૪ રન, શ્રી મનોજભાઈ લોટવાલાના ૧૮ રન નોટઆઉટ અને શ્રી સતીષ સી. પટેલના ૧૮ રન નોટઆઉટની સાથે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૧૮ રન કર્યા હતા. કમિશનર ટીમના જીતુ પરમાર, યોગેશ પટેલ અને જગદીશ સેલરે એક–એક વિકેટ લીધી હતી. મેયર્સ ટીમએ આપેલા લક્ષ્યાંકને પુરો કરવા મેદાને પડેલી કમિશનર ટીમના શ્રી એસ.સી.વસાવા ૧૨ રન અને નરેશ પરમારના ૫૬ બોલમાં ૮ ચોગ્ગા અને ૫ સીકસર સાથે ૯૫ રને નોટઆઉટ રહી ૧૬.૨ ઓવરમાં ૨ વિકેટે ૧૧૯ રનનો લક્ષ્યાંક પાર પાડી ૮ વિકેટે વિજય મેળવી ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી. મેયર્સ ટીમ વતી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને શ્રી મનોજભાઈ લોટવાલાએ એક–એક વિકેટ લીધી હતી. મેન ઓફ ધી મેચનો ખિતાબ નરેશ પરમારને મળ્યો હતો.

મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫ના ચેમ્પીયન કમિશનર ટીમ, રનર્સ–અપ મેયર્સ ટીમ, બેસ્ટ ફિલ્ડરશ્રી જગદીશભાઈ પટેલ, બેસ્ટ બોલરશ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ, બેસ્ટ બેસ્ટમેનશ્રી પ્રવિણભાઈ પટેલ અને મેન ઓફ ધી સિરિઝશ્રી મનોજભાઈ લોટવાલાને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શિલ્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫માં ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, આસી કમિશનર અને ઈ.ચા. ડે.કમિશનરશ્રી(પ. અને ઈ.) બંકિમભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, પ્રીન્ટ અને ઈલેકટ્રોનીક મીડીયાના પ્રતિનિધીઓ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)નમાં આજરોજ તા.૧૦/૦૨/૨૦૧૫ના રોજ નીચે જણાવ્યા મુજબની ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

(૧) ટી.પી.૦૮(પાલનપોર), ફા.પ્લોટ નં.૧૩૧, સામાજીક અને આર્થિક રીતે નબળા વર્ગનાં લોકો માટે અનામત રાખેલ પ્લોટમાં આશરે ૫૦ જેટલાં ઝુંપડા બાંધી ગેરકાયદેસર દબાણ કરેલ હતું. જેને દૂર કરી સદર પ્લોટ ખુલ્લો કરાવવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨૩(રાંદેર), ફાયનલ પ્લોટ નં.૦૩, સબ પ્લોટ નં.૩ અને ૪ માં ગેરકાયદેસર પરવાનગી વગરનું ચોથા માળનું આશરે ૬૦૦.૦૦ ચો.ફૂટ નું બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

(૩) રાંદેર મેઈન રોડ પર આરોગ્ય ખાતાની વોર્ડ ઑીફસની બાજુમાં, શારદા નગર ખાતે ટી.પી.રોડમાં અસર થતી બે(૨)દુકાનોનું ડિમોલેશન કરવામાં આવેલ છે તેમજ અન્ય દુકાનદારો ધ્વારા ટી.પી.રોડમાં અસર થતી જગ્યાનું સેલ્ફ ડિમોલેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

હાલમાં સમગ્ર ગુજરાત તેમજ સુરત શહેરમાં સ્વાઈન ફલુનાં કેસો નોંધાય રહેલા છે. સુરત શહેરની આવેલી પ્રાઈવેટ હોસ્પીટલો તેમજ સ્મીમેર અને સીવીલ હોસ્પીટલમાં તા. ૧–૧–૧૫ થી આજદીન સુધી કુલ ૧૫૫ પોઝીટીવ કેસો નોંધાયેલા છે. તેમાં સુરત શહેરનાં ૧૨૭ અને સુરત બહારનાં ૨૮ કેસો મળી આવ્યા છે.

ગઈકાલ સુધીમાં નોધાયેલ ૧૧૬ પોઝીટીવ કેસો પૈકી ૩૮ કેસોને રજા આપવામાં આવી છે અને ૫૦ કેસોની તબીયત સારી છે તેમજ ૧૮ કેસો વેન્ટીલેટર પર છે. આજદીન સુધીમાં કુલ ૧૦ વ્યકિતઓનાં મૃત્યુ સ્વાઈનફલુનાં કારણે થયા છે.

રોજે રોજ ૦૭ મેડીકલ ટીમ ધ્વારા ૭૯ પોઝીટીવ કેસોનાં ૪૯૩ કલોઝ કોન્ટેકટ પર્સનોની મુલાકાત લઈ તેમની તપાસ કરતા જો સારવાર આપવાની જરૂર જણાય તો સારવાર આપવામાં આવે છે તેમજ તેઓનાં રહેઠાણની જગ્યાએ આશરે ૨૦૦ ઘરોનાં સર્વે કરી તેમાં રોગનાં લક્ષણો જણાયેલ વ્યકિતઓને સ્થળ પર સારવાર તેમજ ૧૦ દિવસ સુધી ઓબ્ઝર્વેશન કરવામાં આવે છે.

અત્યાર સુધીમા કુલ ૧૧૬ પોઝીટીવ કેસોમાંથી કુલ ૭૫૧ કોન્ટેક પર્સન મળી આવ્યા છે. જે પૈકી ૨૦૪ કોન્ટેક પર્સનનું ૧૦ દિવસનું ઓબ્ઝેર્વેશન પૂર્ણ થયેલ છે તેમજ ૫૪૭ કોન્ટેકપર્સનનું ૧૦ દિવસનું ઓબ્ઝર્વેશન ચાલુ છે. તે ઉપરાંત સુરત શહેરનાં દરેક વ્યકિતને આરોગ્ય શિક્ષણ અને લક્ષણોવાળા વ્યકિતઓ શોધી કાઢવા આશરે ૪૫૦ પ્રાયમરી હેલ્થ વર્કરો ધ્વારા રોજે રોજ સર્વે કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧,૨૯,૨૦૬ ઘરોમાં કુલ ૫,૮૧,૪૨૬ વસ્તીનો સર્વે કરતા ૫૭ વ્યકિતઓને સ્થળ પર સારવાર જે પૈકી ૪૭ વ્યકિતઓને દવા આપવામાં આવી હતી અને ૧૨ વ્યકિતઓને રીફર કરવામાં આવ્યા છે.

સુરત મહાનગરપાલિકાની પ્રજાને સ્વાઈન ફલુ દર્દી અંગે કોઈપણ માહિતી આપવા માટે ૧૮૦૦–૧૨૩–૮૦૦૦ ટોલ ફ્રી નંબર કોન્ટેકટ કરવો.

## ગુરુ ગ્રહને નિહાળવા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતા



૧૩ મહિને બનતી ખગોળીય ઘટનામાં આપણી પૃથ્વીથી ગુરુ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરુધ્ધ દિશામાં આવ્યા હતા જેથી સૂર્યાસ્ત થતાની સાથે ગુરુ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાય છે.આમ આ દરમ્યાન ગુરુ ગ્રહ નજીક હોવાથી અને સારી રીતે નિહાળી શકાતો હોવાથી તારીખ ૭ અને ૮ ફેબ્રુઆરી ૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત,સીટી લાઈટ રોડ,સુરત ખાતે રીફ્રેકટર ટેલીસ્કોપ દ્વારા શહેરીજનોને સાંજે ૭:૦૦ થી રાત્રે ૯:૦૦ કલાક સુધી ગુરુ ગ્રહ બતાવવાની વ્યવસ્થા કરાવમાં આવેલ.

આ ગુરુ ગ્રહને નિહાળવા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયા હતા અને ઉત્સાહ ભેર નિહાળ્યો હતો.

## પ્રેસ નોટ

## માહે જાન્યુઆરી ૨૦૧૫ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૫ દરમ્યાન ૪૦૧૯ ઈન્ડોર તથા ૪૪૬૬૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૬૮૬ તથા ૭૦૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૦૦૧૮ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૮૫૮ અને જુના ૨૮૨૦ દર્દીઓ સહીત કુલ ૩૬૭૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૮૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૨૦ તથા આંખ વિભાગમાં ૩૧૧૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૬૯૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫,૧૫૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૭૦૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૫૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૦ ઈસમોને નોટીસ આપવામાં આવી.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુબેરનગર, સિંગણપોર વિસ્તાર, અખંડ આનંદ કોલેજ આજુબાજુનો વિસ્તાર, વેડરોડ પંડોળ ઈન્ડ. વિસ્તાર વિગેરમાંથી વેરા પેટે રૂા.૧૩,૪૬,૮૩૯/– વસુલાત કરવામાં આવેલ છે. તથા ૦૭ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૦૪,૩૪૮/– ની વસુલાત કરી તથા મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા કતારગામ વિસ્તારમાંથી રૂા.૪,૭૪,૪૬૨/– વસુલ કરવામાં આવેલ છે. વ્યવસાય વેરા / ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં વેડરોડ/કતારગામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કુલ ૧૯૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૭ એન્ટ્રીમાં રૂા.૫૫,૯૬૨/– આર.સી.ની. ૫૨ એન્ટ્રીમાં રૂા.૫,૨૦,૩૧૪/– મળી કુલ રૂા.૫,૭૬,૨૭૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. ગુમાસ્તાધારા નવી નોંધણી–૪, રીન્યુઅલ–૧૦ અને દંડની રકમ રૂા.૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા નવી જી.આઈ.ડી.સી., નાની બહુચરાજી, ફુલવાડી, સમુલડેરી રોડ સુરભી હોસ્પીટલ પાસે કુલ ૦૫ (પાંચ) સ્થળોએ લીકેજ દુરસ્તીની કામગીરી કરી દેવીકૃપા સોસા. પાસે નવો વાલ્વ બેસાડવાની કામગીરી કરી તથા માધવાનંદ સોસા.માં ગંદા પાણી અંગે કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૦૭ ફાઈલના **રૂા.૧૪,૫૩,૬૬૦/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૨,૩૩,૮૭૩/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૧.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૧૨ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૧૨૫ ફાઈલના રૂા.૧૩.૯૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૯ લોકેશન(ખાડા)૩૭૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૦.૫૫૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૩૭૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૦૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૧૧ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,પાણીના નવા કનેકશન કુલ ૮૪ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૭૮૬૪૮/– વસુલ લેવામાં આવેલ.તથા કાચા/પાકા મકાનમાં ૦૧ નોટીસ આપવામાં આવેલ. તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૫૨ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૧૬૩ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૩૧.૧૩ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧૦.૯૦ લાખ થયેલ છે.,૧૦ EC તથા ૦૫ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૫૦૨/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૨ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૪ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૨ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૩.૨૫ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૧ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૦૪૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૬૦૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૩૫૭૦ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૩૪ કરવામાં આવેલ છે. જયારે ૪૦ નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૫૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૦૯/૦૨/૨૦૧૫ થી ૧૧/૦૨/૨૦૧૫ સુધી શહેરી વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ વિસ્તારોમાં કામગીરી કરતાં કર્મચારીઓ / કામદારો માટે જે–તે સંસ્થામાં ટોઈલેટની સુવિધા છે કે કેમ? તે અંગેની ચકાસણી કરી, આવી સુવિધા ન ધરાવતી સંસ્થાઓને નોટીસ પાઠવી વહીવટી ચાર્જ વસુલવાની કામગીરી. ઉપરાંત ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ સંસ્થાઓની આજુ બાજુ સાફ–સફાઈ કરાવવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અંતગર્ત તા.૦૯/૦૨/૨૦૧૫ ના રોજ શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ કુલ ૯૦૦ ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ સંસ્થાઓ ચેક કરવામાં આવી, તે પૈકી ૧૮૬ સંસ્થાઓમાં ટોયલેટની સુવિધામાં ક્ષતિઓ માલુમ પડેલ છે. જે બદલ કસુરવાર સંસ્થાઓને ૧૩૩ નોટીસ પાઠવી, કુલ રૂા.૨૨,૪૦૦ /– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. ઉપરાંત તા.૧૦/૦૨/૨૦૧૫ થી તા.૧૧/૦૨/૨૦૧૫ં સુધી વધુ દિન–૦૨ આ અભિયાન ચાલુ રાખી તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કુલ ૨૯૮૭ ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ સંસ્થાઓ ચેક કરવામાં આવી, તે પૈકી ૫૭૦ સંસ્થાઓમાં ટોયલેટની સુવિધામાં ક્ષતિઓ માલુમ પડેલ છે. જે બદલ કસુરવાર સંસ્થાઓને ૩૨૨ નોટીસ પાઠવી, કુલ રૂા.૫૬,૯૦૦ /– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. આમ, તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૧૧/૦૨/૨૦૧૫ સુધી મળી શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ કુલ ૪૪૪૦ ઈન્ડસ્ટ્રીયલ / કોમર્શીયલ સંસ્થાઓ ચેક કરવામાં આવી, તે પૈકી ૬૯૮ સંસ્થાઓમાં ટોયલેટની સુવિધામાં ક્ષતિઓ માલુમ પડેલ છે. જે બદલ કસુરવાર સંસ્થાઓને ૪૬૩ નોટીસ પાઠવી, કુલ રૂા.૭૪,૪૫૦ /– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એર્ફોડેબલ હાઉસીંગ સેલ

માન.મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG તથા EWS સ્કીમના જે લાભાર્થીઓ નિયત તારીખે પુરાવા,એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરવવાનું ચુકી ગયેલ,તેવા લાભાર્થીઓને તા.૦૨/૦૨/૨૦૧૫ ,તા.૦૩/૦૨/૨૦૧૫ તથા તા.૦૪/૦૨/૨૦૧૫ ના રોજ અંતિમ તક આપવામાં આવેલ,તેમ છતાં આ તારીખોએ જે લાભાર્થીઓ પુરાવા,એફીડેવીટ તથા ડ્રાફટ જમા કરાવવાનું ચુકી ગયેલ,તેવા લાભાર્થીઓને આખરી ખાસ વધારાની તક આપવાનું નકકી નકકી તા.૧૧/૦૨/૨૦૧૫ ના રોજ LIG તથા EWS લાભાર્થીઓને પોતાના પુરાવા,તથાા બે હપ્તાના ડ્રાફટ સાથે હાજર રહેવા જાણ કરવામાં આવેલ.જેનો લાભ લઈ આજરોજ કુલ–૫૩ લાભાર્થીઓ પુરાવા તથા ડ્રાફટ સાથે હાજર રહયા હતા તેમજ લાભાર્થીઓ તરફથી સુડા હસ્તકના કુલ–૨ આવાસ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના કુલ ૧ આવાસ મળી કુલ–૩ આવાસ સ્વૈચ્છાએ પરત કર્યા અંગેની જાણ કરેલ છે.

## સુરત મહાનગરપાલિકા – સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) – જાહેર સૂચના

અનઅધિકૃત બાંધકામો નિયમિત કરવા માટે ગૃડા – ૨૦૧૧ હેઠળ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં પ્રાપ્ત થયેલ અરજીઓના નિકાલની કામગીરી હાલ અંતિમ તબકકામાં છે.આ કાયદા હેઠળ થયેલ અરજીઓનાં અનુસંધાને સંબંધિત અરજદારોને 'નમૂનો – ગ– ૧ ','નમૂનો –ગ–૨' અથવા ' નમૂનો –છ ' મુજબના હુકમ બજાવવામાં આવેલ છે. જે અરજદારોને 'નમૂનો – ગ– ૧ ','નમૂનો –ગ–૨' અથવા ' નમૂનો –છ ' મુજબનાં હુકમ મળેલ ન હોય તેવા અરજદારે તા. ૧૬/૦૨/૨૦૧૫, સોમવાર તથા તા.૧૮/૦૨/૨૦૧૫ બુધવારના રોજ સવારે ૧૦–૩૦ થી ૨–૦૦ તથા બપોરે ૩–૦૦ થી ૫–૦૦ કલાક દરમ્યાન સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) કચેરી ખાતે રૂબરૂ આવી અરજીનું સ્ટેટસ જાણી લેવાનું રહેશે. આ માટે અરજદારોએ અરજી ફોર્મની ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે. જે કેસમાં અરજદારને 'નમૂનો – ગ– ૧ ','નમૂનો –ગ–૨' મુજબનો હુકમ બજાવવામાં આવેલ છે, તે અરજદારે આ હુકમ મળ્યાની તારીખની દિન–૩૦ (ત્રીસ) માં જરૂરી રકમ જમા કરાવવાની રહે છે. જે અરજદાર તરફથી  આ રકમ આજદિન સુધી નિયત સમયમર્યાદામાં રકમ જમા કરાવવામાં આવેલ નથી, તેવા અરજદારોને ઉકત રકમ તાકિદે ઝોન કચેરી ખાતે જમા કરાવવા વિનંતી છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૧/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૨૩૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૩ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતાગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, વેડ રોડ પંડોળ ઈન્ડ. વિસ્તાર વિગેરે વિસ્તારમાંથી કુલ ૩૮૭ કરદાતાઓ પાસેથી વેરા પેટે **રૂા.૧૪,૭૦,૪૬૧/–** વસુલાત કરવામાં આવેલ છે. તથા ૦૫ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર **રૂા.૧,૦૫,૩૪૧/–** ની વસુલાત કરી તથા ૧૫ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાય વેરા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાંરૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ૫૧ ઈ.સી.ની એન્ટ્રીમાં રૂા.૧,૨૦,૩૭૦/– અને આર.સી.ની. ૪૪ એન્ટ્રીમાં રૂા.૯,૩૮,૯૪૦/– મળી કુલ રૂા.૧૦,૫૯,૩૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણી–૩ એન્ટ્રીમાં રૂા.૬૦/–, રીન્યુઅલ–૨૦ એન્ટ્રીમાં રૂા.૧,૨૦૦/– અને દંડ ની રકમ ૫ એન્ટ્રીમાં રૂા.૧૫૦૦/– મળી કુલ રૂા.૨૭૬૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. તેમજ ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે. પાણી ખાતા ધ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તથા માધવાનંદ સોસા.માં ગંદા પાણી અંગે કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૦૪ ફાઈલના **રૂા.૧૪,૧૮,૫૬૧/–** ની વસુલાત કરવામાં આવેલ છે. EWS આવાસમાંથી **રૂા.૨,૦૯,૫૪૨/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – રદિયો

તા.૨૩/૦૧/૧૫ ના રોજ નીચે જણાવેલ દૈનિક વર્તમાનપત્રમાં કોષ્ટકમાં જણાવેલ શીર્ષક હેઠળ પ્રસિધ્ધ થયેલ સમાચાર અંગે નીચે જણાવ્યા મુજબનો રદિયો આપવાજોગ છે.

| અ.નં. | દૈનિક પત્રનું નામ અને તારીખ | શિર્ષક હેઠળ પ્રસિધ્ધ થયેલ સમાચાર |
|---|---|---|
| ૧ | દિવ્ય ભાસ્કર તા.૨૩/૦૧/૧૫ | ''સ્મીમેરના ડોકટરો–સ્ટાફ દવા માટે સિવિલ પહોંચ્યા'' |
| ૨ | ગુજરાત સમાચાર તા.૨૩/૦૧/૧૫ | '' મસ્કતિના કર્મચારીઓ સ્વાઈન ફલુની દવા માટે સિવિલ પહોંચ્યા'' |

સદર બાબતે પ્રસિધ્ધ થયેલ સમાચાર અંગે જણાવવાનું કે,

''સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલમાં સદર વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર મુજબ પાલનપુર પાટિયા રહેતા લક્ષ્મીબેન મિસ્ત્રી, ઉ.વ.૫૦ ને તાવ, શરદી–ખાંસીની તકલીફ થતાં ૫ દિવસ પહેલાં સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. તેમનો સ્વાઈન ફલુનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. સારવાર દરમ્યાન મરસ્કે તેમનું મોત થયું હતું. વાયરમેન સ્મીમેરનો હોવાથી પરિચિત હોવાને નાતે તેની માતાને મળવા ગયેલા સ્ટાફ, તબીબમાં સ્વાઈન ફલુનો હાઉ ઘર કરી ગયો હતો. ગુરૂવારે સ્મીમેર હોસ્પીટલના સ્ટાફ, તબીબે પ્રોફાઈલ એકસીસ ટ્રીટમેન્ટ લેવાનું નકકી કર્યુ હતું. કમનસીબી એ હતી કે, સ્વાઈન ફલુની દવા ટેમી ફલુ જ દર્દીઓ તો દુરની વાત સ્મીમેરના સ્ટાફ માટે પણ પૂરતી ન હતી.

ઉપરોકત વિગતે જણાવવાનું કે,

- ❖ સદર વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર અન્વયે ખરેખર વાયરમેન મસ્કતિ હોસ્પીટલમાં ફરજ બજાવે છે તેથી વાયરમેન સ્મીમેરનો હોવાથી પરિચિત હોવાને નાતે તેની માતાને મળવા ગયેલા સ્ટાફ, તબીબમાં સ્વાઈન ફલુનો હાઉ ઘર કરી ગયો હતો તે હકીકત ખોટી રીતે છાપવામાં આવેલ છે.
- ❖ સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૧/૦૧/૧૫ ના રોજ કાર્યરત સ્વાઈન ફલુ વોર્ડમાં તા.૨૧/૦૧/૧૫ ના રોજ નીચે પત્રકમાં દર્શાવેલ વિગતે 'સ્વાઈન ફલુ'ની દવા 'ટેમી ફલુ' આપવામાં આવેલ છે.
- ❖

| અ.નં. | તારીખ | સારવાર આપેલ (મેડીકલ / પેરામેડીકલ) સ્ટાફની સંખ્યા | દવાની સંખ્યા | દર્દીની સંખ્યા | દવાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1. | 21/01/2015 | 22 | 16 | 17 | 57 |
| 2. | 22/01/2015 | 42 | 53 | 13 | 10 |
| 3. | 23/01/2015 | 15 | 19 | 0 | 0 |
| **કુલ.....** | | **38** | **88** | **30** | **67** |

ઉપરોકત પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ સારવાર કરનાર તબીબો, નર્સિસ સ્ટાફ તથા પેરામેડીકલ સ્ટાફ અને સ્વાઈન ફલુના દર્દીઓને જરૂરિયાત મુજબ દવા આપવામાં આવેલ જ છે. તેથી સ્મીમેરના ડોકટરો–સ્ટાફને દવા લેવા માટે સિવિલ પહોંચવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- ❖ વધુમાં જણાવવાનું કે, સ્મીમેર હોસ્પીટલ ખાતે આવેલ હોસ્પીટલ મેડીકલ સ્ટોરમાં સ્વાઈન ફલુને લગતી દવાઓ પૂરતા સ્ટોકમાં છે. જેની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.
- ❖ તા.૨૩/૦૧/૧૫ ના રોજ દિવ્ય ભાસ્કરમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર ''સ્મીમેરના ડોકટરો–સ્ટાફ દવા માટે સિવિલ પહોંચ્યા'' અને ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર ''મસ્કતિના કર્મચારીઓ સ્વાઈન ફલુની દવા માટે સિવિલ પહોંચ્યા ૧'' જે બાબતે જણાવવાનું કે, સ્મીમેર હોસ્પીટલ ખાતેના હોસ્પીટલ મેડીકલ સ્ટોર તથા સ્વાઈન ફલુના વોર્ડ તથા કેઝયુલીટી વિભાગમાંથી સ્વાઈન ફલુના શંકાસ્પદ દર્દીઓ, દાખલ દર્દીઓ, દર્દીઓના એટેન્ડન્ટ, તેમને મળવા આવનાર મુલાકાતીઓ અને તેમની સારવાર કરનાર મેડીકલ / પેરા મેડીકલ કર્મચારીઓને સાવચેતીના પગલાંરૂપે સ્વાઈન ફલુની દવા આપવામાં આવેલ છે. તેથી બંને વર્તમાનપત્રોમાં આવેલ સમાચાર સ્મીમેર હોસ્પીટલ અને મસ્કતિ હોસ્પીટલ એમ અલગ–અલગ હોય તેથી તે તથ્યહીન છે.

જેથી સદર કોષ્ટકમાં દર્શાવેલ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચારોનો રદિયો આપવામાં આવે છે.

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં.૧૨૪૭ હોડી બંગલા, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૩/૦૫/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. કેન્ટીલીવર સ્લેબ, બીમ સહિતનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી  તા.૧૨/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરીક શકિત ખીલે તેમજ અભ્યાસની સાથોસાથ રમત–ગમતના ક્ષેત્રે પણ તેઓ આગળ વધી શકે તેમજ તંદુરસ્ત હરિફાઈના ગુણ વિકસે તે માટે તમામ સુમન હાઈસ્કુલો તેમજ શહેરની અન્ય ત્રણ શાળાઓ વચ્ચે " વરાછા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ,જળક્રાંતિ મેદાન, ખાતે બે દિવસ ચાલેલ આંતરશાળા રમતોત્સવના તા.૧૧/૦૨/૨૦૧૫ ના સાંજે ૪:૩૦ કલાકે રાખવામાં આવેલ સમાપન તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયરશ્રી રંજનબેન વેકરીયા, શ્રીમતી કિશોરીબેન કાપડીયા,અધ્યક્ષાશ્રી સાંસ્કૃતિક સમિતિ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુ.સભ્યશ્રીઓ,મ્યુ.અધિકારીશ્રીઓ,કર્મચારીઓ,પ્રિન્ટ –ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ,તમામ સુમન શાળાઓના આચાર્ય અને શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિધાર્થીઓ હાજર રહયા હતા.સુરત મહાનગર પાલિકાના ઈ.ચા.ડેપ્યુટી કમિશનરશ્રી(પ. અને ઈ.)શ્રી બંકીમભાઈ દેસાઈએ આવકાર પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત કરી વિજેતા અને હારનાર તમામને સુભેચ્છા પાઠવી જણાવ્યુ કે રમતમાં જેટલુ મહત્વ વિજેતાનું છે તેટલું જ મહત્વ હારનારનું પણ છે કારણ કે,જો કોઈ સ્પર્ધક હારે જ નહી તો જીતનું મહત્વ નથી તેમ જણાવી હારનાર સ્પર્ધકોને પોતાની ખામીઓને સુધારી વધુ પ્રયત્ન કરી આગામી રમતોત્સવમાં વિજેતા થાય તેવા પ્રયત્ન કરવા સમજાવ્યુ.જયારે માજી.ડે.મેયર શ્રીમતી છાયાબેન ભુવાએ પણ અભ્યાસની સાથે રમત–ગમતના મહત્વને સમજાવતું પ્રાસંગિક પ્રવચન કરી આગામી એસ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં તમામ વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણ સાથે સફળ થાય તવી શુભેચ્છા પાઠવી હતી.ત્યાર બાદ ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયાએ રમત દવારા વિદ્યાર્થીઓમાં ખેલદિલિની ભાવનાઓના ગુણનો વિકાસ થાય છે. જે તેઓના સામાજીક જીવનમાં ખૂબ જ ઉપયોગી નિવડે છે તેનું મહત્વ સમજાવવા સાથે સુમન હાઈસ્કુલોમાં આપવામાં આવતા અભ્યાસની ગુણવત્તાના કારણે સુમન શાળાઓને શહેરની અગ્રહરોળની શાળાઓમાં સ્થાન મેળવી સુરત મહાનગરપાલિકાનુ નામ રોશન કરવા બદલ શાળાના તમામ શિક્ષકોને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે રમત–ગમતના ક્ષેત્રે પણ રાષ્ટ્રિય કક્ષા સુધી પહોંચે તેવા પ્રયત્નો કરે તેમ જણાવ્યુ.ત્યાર બાદ આ રમતોત્સવની જુદી જુદી સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી તેમજ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષા સુધી પસંદગી પામેલ સુમન શાળાઓના વિદ્યાર્થીઓને રૂા.૫૦૦/– રોકડ તેમજ માર્ચ–૨૦૧૪ માં એસ.એસ.સી.બોર્ડ દવારા લેવાયેલ પરીક્ષામાં એ–૧ ગ્રેડ મેળવી ઉત્તિર્ણ થયેલ ૦૨ વિદ્યાર્થીઓને રૂા.૭૦૦૦/–ના રોકડ પુરષ્કારનો ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા.બે દિવસ ચાલેલ આ રમતોત્સવની જુદી જુદી સ્પર્ધામાં ૦૯ સુમન હાઈસ્કુલો ઉપરાંત શહેરની અન્ય ૦૩ ખાનગી શાળાના અંદાજે ૮૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધૌ હતો.રેફરી તરીકે અશોકભાઈ પટેલ,દિપકભાઈ ગામીત,હિતેષભાઈ વાંસદીયા, નિલાંગ ગાયવાલા, કિરીટભાઈ ગાજીવાળા તેમજ વિનોદભાઈ વાંકાવાળાએ સેવા આપી હતી.આભાર વિધિ સુમન શાળા સેલના નિરીક્ષક શ્રી ગોવિંદ કિડેચાએ કરી હતી.અંતે રાષ્ટ્રગીત ગાઈ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.સમગ્ર કાર્યક્રમનું આયોજન સુમન શાળા સેલ દવારા કરવામાં આવેલ.

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી – પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં E.W.S. આવાસનાં હપ્તા વસુલવા અંગે.

પૂર્વ(વરાછા) ઝોન માં આવેલા ટી.પી. સ્કમ નં.૧૫ (કુલપાડા) માં ફા. પ્લોટ નં. ૧૧૮ માં આનંદનગર સોસાયટી પાસે , ધરમનગર રોડ ઉપર આવેલ E.W.S. આવાસનાં લાભાર્થી ઓ દ્રારા નિયમીત રીતે માસીક હપ્તા ન ભરવામાં આવતા, આજ રોજ વરાછા ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી જે.આર. સોલંકી ની આગેવાનીમાં સ્ટાફ દ્રારા સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ હતી. જે અન્વયે કુલ ૩૩૬ આવોસો પૈકી માંથી ૧૬૦ આવાસોને સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ. સદર કામગીરી દરમિયાન લાભાર્થી ઓ પાસેથી સ્થળ ઉપર કુલ રૂ.૪,૦૦,૦૦૦/– વસુલ વામાં આવેલ છે. લાભાર્થી ઈસમોએ માસિક માત્ર રૂ.૪૨૭/–હપ્તો પેટે ભરવાનાં થતાં હોવા છતાં ઘણા ઈસમો નિયમીત રીતે હપ્તા ભરતાં નથી. વરાછા ઝોનમાં E.W.S. આવાસનાં હપ્તા પેટે બાકી નીકળતી લેણી રકમ વસુલવા માટે વખતો વખત સીલ મારવાની ઝુબેશ કરવામાં આવે છે. ભવિષ્યમાં પણ આ પ્રકારની ઝુબેશો ચાલુ રાખવામાં આવશે.

# પ્રેસનોટ

સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં ગીચ ટ્રાફિક ધરાવતા વાણિજયીક પ્રતિષ્ઠાનો ધરાવતા મુખ્ય માર્ગો પૈકીના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ રીંગરોડ ઉપર આવેલ સાલાસર હનુમાન ગેટથી ગોલવાલા માર્કેટ થઈ મલ્ટીલેવલ પાર્કિંગ સુધીના ટી.પી.રસ્તા ઉપર આવેલ મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ, ગોળવાલા ટેક્ષટાઈલ માર્કેટ,શિવશકિત ટેક્ષટાઈલ માર્કેટ વિગેરેના માર્જીનમાં વર્ષોથી દબાણ કરી ખાણી પીણીના સ્ટોલ,કેબીનો,કાચા–પાકા બાંધકામો અને પાર્કિંગ શેડની આડમાં માર્જીન કવર્ડ કરી બનાવવામાં આવેલ પતરાના શેડનું આશરે ૫૦૦૦ ચો.ફુટ દબાણ તથા અંદાજીત ૬૦૦ ચો.ફુટનું ચણતરકામ બે નંગ ગેટ સહિતના કાયમી દબાણો જે.સી.બી. મશીન,પ્રાઈવેટ એજન્સી અને દબાણ સ્ટાફના ૪૦ થી વધુ બેલદારો, શહેર વિકાસ / ટાઉન પ્લાનીંગ વિભાગના આસી./ જુની.ઈજનેરો, ડેપ્યુટી ઈજનેરોના સીધા માર્ગદર્શન હેઠળ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ.

વધુમાં દુકાનદારો દ્વારા ડીમોલીશન અન્વયે દંડની રકમ ભરવામાં આના કાની કરતા આશરે ૮૦ થી વધુ પતરાઓ,લોખંડના ગેટ નંગ–૦૨,ડીઝાઈનર ફેબ્રીકેટેડ પતરાઓ આશરે ૧૦ નંગ,૧૦૦ થી વધુ પાઈપો / એન્ગલો વિગેરે સહિતનો માલ સામાન જપ્ત કરવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૨/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ હોટલો,ભોજનાલયો,રેસ્ટોરેન્ટ,મેશ,ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્યપદાર્થઓનું નિરક્ષણ કરવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૮૧૭ હોટલો,ભોજનાલયો,રેસ્ટોરેન્ટ,મેશ,ખાણી–પીણી ની લારીઓ વગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવી.ઉણપ બદલ કુલ ૩૪૯ ને નોટીસ આપવામા આવેલ છે. કુલ રૂા.૧,૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

# પ્રેસ નોટ

હાલમાં સ્વાઈન ફલુ (ઈન્ફલુએન્ઝા–એ એચ૧એન૧) ના કેસો ગુજરાત અને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે. આ રોગનાં દર્દીઓની સમયસર સારવાર અને અસરકારક ઉપાય કરવામાં આવે તો રોગની ગંભીર અસરથી બચી શકાય છે. રોગનાં લક્ષણો જેવા કે તાવ સાથે શરદી–ખાંસી, ગળામાં દુ:ખાવો હોય તો નજીકનાં શહેરી આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવી અને તબીબે આપેલ સૂચના અનુસાર ફોલોઅપમાં જવુ. જો કોઈને ઉપરોકત લક્ષણો ઉપરાંત શ્વાસ ચળે, ગળફામાં લોહી પડે, ઘેન ચઢતું લાગે અને છાતીમાં દુ:ખાવો થતો લાગે તો તાત્કાલિક સ્મીમેર હોસ્પીટલ ખાતે દાખલ થવા જવુ. સ્મીમેર હોસ્પીટલ ખાતે સ્વાઈન ફલુ દર્દી માટે અલાયદો વોર્ડ બનાવવામાં આવેલ છે. આ વોર્ડમાં ૧૦ બેડની સગવડ છે, ૦૩ વેન્ટીલેટર એડલ્ટ અને ૦૧ વેન્ટીલેટર બાળકો માટેની સગવડ છે જો જરૂરીયાત પડે તો ૩૦ બેડવાળો બીજો અલાયદો વોર્ડ તથા વેન્ટીલેટરોની સગવડ રાખવામાં આવી છે. સ્મીમેર હોસ્પીટલ ખાતે ફીઝીશ્યન, પીડીયાટ્રીશ્યન, માઈક્રોબાયોલોજીસ્ટ, એન્સ્થેસ્ટિટ જેવા નિષ્ણાંત તબીબો ધ્વારા સારવાર આપવામાં આવે છે. સ્મીમેર હોસ્પીટલ ખાતે દવાઓ તેમજ સર–સાધન પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તેમજ સવારે ૯–૦૦ થી સાંજે ૫–૦૦ સુધી ઓપીડી ચાલશે તેમજ ઈમરજન્સી વિભાગમાં ૨૪ શ ૭ ના સગવડ ઉપલબ્ધ છે. સ્મીમેર/ નવી સીવીલ હોસ્પીટલ ખાતે વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ છે

# પ્રેસનોટ




કેન્દ્ર સરકારની "100 Smart Cities " યોજના અંતર્ગત તા.૧૧–૧૨ ફેબ્રુઆરી ૨૦૧૫ ના રોજ યોજાયેલ "GeoBuild Smart Infrastructure-2015 " અંગેની કોન્ફોરન્સમાં હૈદરાબાદના ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે સુરત મહાનગરપાલિકા તરફથી મેયર નિરંજન ઝાંઝમેરા ભાગ લેવા ગયેલ હતા. આ કોન્ફરન્સનાં ભાગ રૂપે મેયર્સ કોન્કલેવ પણ યોજાયેલ હતી જેમાં સુરત સિવાય ગાંધીનગર, વારાણસી, અલીગઢ, પટના, નાગપુર, વિજયવાડા, આગ્રા, હરિધ્વાર તેમજ અન્ય શહેરના મેયર તથા લખનૌના મેયર દિનેશજી શર્મા પણ ઉપસ્થિત રહેલ હતા. આ કોન્ફરન્સમાં સ્માર્ટ સીટીને લગતા તમામ વિષયો જેમ કે– GIS, E-Governance, Citizens Smart Connectivity, Smart transport System અંતર્ગત પ્રેઝન્ટેશન રજુ થયેલ હતા તેમજ વિસ્તૃત ચર્ચા વિચારણા પણ થઈ હતી. જેમાં સુરત શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે અત્યાર સુધીમાં કરવામાં આવેલ કામગીરી તેમજ ભવિષ્યના આયોજનો અંગે સુરત શહેરના મેયર ધ્વારા રજુઆત કરવામાં આવી હતી. આ કોન્ફરન્સના ભાગરૂપે કન્વેન્શન સેન્ટર ખાતે સ્માર્ટ સીટીને લગતી કામગીરી સંબંધીત કંપનીઓના પ્રદર્શનની મુલાકાત પણ મેયર ધ્વારા લેવામાં આવેલ હતી. કોન્ફરન્સના અંતે યોજાયેલ મેયર્સ કોન્કલેવમાં સુરતની ઉપલ્બધીઓ, એવોર્ડસ તેમજ સુરત મહાનગરપાલિકાની વિશિષ્ટ કામગીરીઓ તથા બજેટ અંગે પણ સુરત શહેરના મેયરના ઉદબોધન ધ્વારા અન્ય શહેરોના ઉપસ્થિત મેયરને માહિતગાર કર્યા હતા તથા તેઓને સુરત શહેરનો વિકાસ જોવા શહેરની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યુ હતું.

# પ્રેસ નોટ

હાલમાં સ્વાઈન ફલુ (ઈન્ફલુએન્ઝા–એ એચ૧એન૧) ના કેસોનો સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નોંધાય રહયા છે. જેને અંકુશ હેઠળ રાખવા માટે તેમજ રોગ પ્રતિકારક પગલા ઝડપથી લઈ શકાય તે હેતુથી તા. ૧૪–૦૨–૨૦૧૫ શનિવારનાં રોજ સુરત મહાનગરપાલિકાનાં કાર્યક્ષેત્ર વિસ્તારનાં તમામ ઘરોમાં સર્વેલન્સ કામગીરી હાથ ધરવાનું નકકી કરવામાં આવેલ છે. આ કામગીરી માટે કુલ ૨૫૮૩ ટીમો તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ૪૧૯ સુપરવાઈઝર, ૩૭ મેડીકલ ઓફીસર સહિત કુલ ૫૬૨૨ અધિકારી / કર્મચારીઓ જોડાશે. આ કામગીરીનો સમય સવારે ૮–૦૦ થી ૫–૦૦ સુધીનો રહેશે. એક જ દિવસમાં અંદાજે કુલ ૧૨ લાખથી વધુ ઘરોમાં જઈ શરદી, ખાંસી, તાવનાં દર્દીઓને શોધીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ જરૂર જણાયે તેઓને નજીકનાં શહેરી આરોગ્ય કેન્દ્ર / સ્મીમેર / નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવશે.

વધુમાં સદર દિવસે સવારે ૮–૦૦ થી રાત્રે ૮–૦૦ દરમ્યાન ટોલ ફ્રી  ૧૮૦૦–૧૨૩–૮૦૦૦ નંબર પર નાગરીકોને સ્વાઈન ફલુ વિશે માહિતી પહોંચાડવા તથા જરૂરી માર્ગદર્શન મેળવવાની વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ કામગીરી માટે કર્મચારીઓને સહકાર આપવા તમામ નાગરીકોને વિનંતી કરવામાં આવે છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૬૯(ગોડાદરા–ડીંડોલી),ફા.પ્લોટ નં.૭૮/ઈ માં આવેલ માનસરોવર સોસાયટીના પ્લોટ નં. ૧૩૯ ના મિલ્કતદાર તરફથી રહેણાંક હેતુના મકાનમાં ફેરફાર કરી ગ્રાઉન્ડ ફલોરમાં દુકાન બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ, જે રોલીંગ શટર્સ ફીટીંગ કરવાની કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ,દબાણ સ્ટાફ દ્વારા સ્થળ પર અટકાવી સામાન જપ્ત કરવામાં આવેલ, એ જ પ્રમાણે સંલગ્ન સોસાયટીને લાગુ ફા.પ્લોટ નં. ૪૯ માં આવેલ કૈલાશનગર સોસાયટીના પ્લોટ નં. ૫૬ માં ૦૩ દુકાન બનાવવાના ઈરાદે જુના મકાનમાં ફેરફાર કરી પાર્ટીશન કરવામાં આવેલ, એ દિવાલોનું પાર્ટીશન સ્થળ પરથી દુર કરવામાં આવેલ, અને પ્લોટ નં. ૭૬ માં મિલ્કતદાર દ્વારા ફીટીંગ કરવામાં આવેલ શટર નંગ–૧ સ્થળ પરથી દુર કરી જપ્ત કરવામાં આવેલ. સદર કોમર્શીયલ બાંધકામની કામગીરી બાદ ટી.પી.સ્કીમ નં.૪૧(ડીંડોલી),ફા.પ્લોટ નં. ૪૦/બી માં આવેલ ગંગાસાગર વસાહતને લાગુ ખાડી કિનારે અજાણ્યા ઈસમો દ્વારા કુલ–૦૪ પ્લોટમાં ગેરકાયદેસર પ્લીન્થનું બાંધકામ શરૂ કરવામાં આવેલ જે ઝોનના સ્ટાફ દ્વારા ૮૦૦ ચો.ફુટ ઈંટોના ચણતરનું બાંધકામ સ્થળ પરથી દુર કરી સ્ટીલ મટીરીયલ જપ્ત કરવામાં આવેલ.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૭/૦૨/૧૫ થી તા.૧૩/૦૨/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૫૩૬ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૫૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૪૨ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૪ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૮ |

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૩.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૯૮** ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ **૨૩૩** ફાઈલના રૂા.**૪૦.૯૭** લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૭** લોકેશન(ખાડા)**૨૭૫.૦૦** ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૩.૧૧૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–**૦૯** લોકેશન(ખાડા) **૨૫૫.૦૦** ચો.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–**૧૦** લોકેશન **૨૭૦૦.૦૦** ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :**૧૪** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, તથા ટી.પી.૧(ઉધના–મજુરા) માં મઢીની ખમણીવાળા રસ્તાની લાઈનદોરીમાં અસરગ્રસ્ત કોર્મશીયલ બાંધકામ **૫૦.૦** ચો.ફુટ માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ.તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૦૦** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :**૩૩૫** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.**૨૪.૩૬** લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.**૬.૯૮** લાખ થયેલ છે.,**૦૬** EC તથા **૦૫** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.**૩૦૫૭**/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.**૨૭૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.,**૭૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૩૭૮** છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૭૪.૩૭** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૪૫** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.**૧૧૭૦**/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :**૧૦૪૪૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૨૨૮૩૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૫૧** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૬૨૬** કરવામાં આવેલ છે. જયારે **૩૨** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે રૂા.**૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) –સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૨,૭૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૨૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૨૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ વહીવટી ખર્ચના રૂા.૫,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજા થી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ., અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર વિસ્તાર વિગેરે વિસ્તારમાંથી કુલ ૪૦૯ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૪,૮૧,૩૦૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૫ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૩૫,૧૦૨/– ની વસુલાત કરી તથા ૦૩ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૯૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૫ એન્ટ્રીમાં રૂા.૭૫,૦૨૮/– અને આર.સી.ની. ૬૩ એન્ટ્રીમાં રૂા.૨૧,૦૭,૫૦૦/– મળી કુલ રૂા.૨૧,૮૨,૫૨૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– અને દંડ ની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૭ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે. ૦૨ નવા ડ્રેનેજ કનેકશન આપવામાં આવેલ છે. તેમજ નવા ડ્રેનેજ કનેકશન સંદર્ભે રૂા.૫,૮૪૧/– વસુલ લીધેલ છે. પાણી ખાતા ધ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. ૧૬ નવા પાણી કનેકશન મંજુર કરવામાં આવેલ છે. તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૪,૨૧૦/– વસુલ લીધેલ છે.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી.(વ્યાજ સહિત)ના રૂા.૩૦૯૧૫/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૮૨ ફાઈલના **રૂા.૮,૮૭,૮૪૯/–** ની વસુલાત કરવામાં આવેલ છે. જમીન મિલ્કત વિભાગ ધ્વારા EWS આવાસમાંથી **રૂા.૧,૮૯,૨૦૦/–** હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ – પ્રેસનોટ

૧.સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૧૨/૦૨/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૧૯૪૧૫ |
| ૨ | દાખલ દર્દી | | ૧૪૮૧ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૭૨૧ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૬૦ |
| ૫ | ડીલીવરી | | ૧૭૨ |
| ૬ | ઓપરેશન | નાના | ૫૬૯ |
| | | મોટા | ૩૦૭ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૪૪૫૭ |
| | સોનોગ્રાફી | | ૯૫૮ |
| | એમ.આર.આઈ. | | ૨૩૮ |
| | સી.ટી.સ્કેન | | ૨૦૫ |
| ૮ | એ.આર.વી. | નવા | ૧૯૮ |
| | | જુના | ૪૭૪ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૩૬૯ |
| | | ઈસ્યુ | ૪૦૪ |
| ૧૦ | લેબોરેટરી | | ૩૩૦૨૦ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૨. તા.૦૩/૦૨/૨૦૧૫ નાં રોજ દેહદાન માટે ડેડ બોડી આવેલ હતી જે અત્રે સ્વીકારવામાં આવેલ છે. (દેહદાન– પ્રકાશભાઈ જશુભાઈ પટેલ)

૩. આંતરરાષ્ટ્રીય કક્ષાના રોટરી કલબના સભ્યો તા.૦૩/૦૨/૨૦૧૫ નાં રોજ હયુમન મીલ્ક બેંકની મુલાકાતે આવેલ હતા, જે ગર્વ લેવા જેવી વાત છે.

૪. સ્મીમેર ખાતે સ્મીમેર હોસ્પીટલના વિવિધ વોર્ડના પેરામેડીકલ સ્ટાફ માટે "સ્વાઈન ફલુ" અંગેનો સેમીનાર તા.૦૨/૦૨/૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ હતો. સ્મીમેર ખાતે સ્વાઈન ફલુ અંગેની અલગ ઓ.પી.ડી. તથા વોર્ડ શરૂ કરવામાં આવેલ છે.

૫. સ્મીમેર ખાતેના ફાર્મેકોલોજી વિભાગમાં તા.૦૬/૦૨/૨૦૧૫ તથા તા.૧૩/૦૨/૨૦૧૫ ના રોજ નર્સિંગ સ્ટાફની ટ્રેનીંગ માટે ફાર્મેકોવિજિલન્સની સી.એમ.ઈ. રાખવામાં આવેલ હતી.

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૭/૨/૨૦૧૫ થી તા.૧૩/૨/૨૦૧૫ દરમ્યાન પૂર્વ ઝોન તથા સાઉથઈસ્ટઝોન (લીંબાયત) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૨૭,૬૫૪/– ની તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૦,૩૦૦/–ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૯૪ કિ.ગ્રા. નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા/ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ –૧૯ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ રૂ.૩૦૦૦/– દંડ અને નિભાવખર્ચ પેટે રૂા.૧,૨૦૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂા. ૧૫,૫૦૦/– મળી કુલ રૂા.૧૯,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ બે પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

એનીમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ ડોગ સ્કવોર્ડ દ્વારા સુરત શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૨૦૧ ફીમેલ ડોગ પકડી પાડી તેમાં ખસીકરણ અને હડકવા વિરોધી રસીકરણ કરી તેઓને તેમની મુળ જગ્યાએ પરત છોડવામાં આવેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૪૭૮૦ અને ૭૮૪૬ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે રૂા.૧,૨૯,૩૮૦/– અને રૂા. ૨,૬૯,૪૬૦/– રકમ મળી કુલ રકમ રૂા. ૩,૯૮,૮૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૩/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ સેન્ટ્રલ બસ સ્ટેશન તથા સીટી બસ સ્ટોપ, રેલ્વે સ્ટેશન અને એરપોટની આસ–પાસના વિસ્તારોની સાફ–સફાઈ તથા સરકારી વસાહતો, સરકીટ હાઉસ, ભધક કવાર્ટસના સાફ–સફાઈની કામગીરી, સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષક દ્વારા કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન ૦૧ – એરપોર્ટ, ૭૫ – બસ સ્ટોપ / સ્ટેશન, ૦૬ – રેલ્વે સ્ટેશન, ૬૯ – સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, ૬૮ – EWS સ્ટાફ કવાટર્સની આસ પાસ ઘનિષ્ટ સાફ સફાઈ ની કામગીરી કરાવડાવી જતુંનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન સ્વચ્છતા વિરૂધ્ધી કૃત્ય કરનાર ૨૩ – ઈસમો પાસેથી રૂા.૧૪,૧૫૦/– નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

## પ્રેસ નોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેરઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર, પાલ, પાલનપોર, અડાજણ, જહાંગીરાબાદ, વરીયાવ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી લાંબા સમયથી વેરો ભરપાઇ નહી કરનાર મિલ્કતોને સીલ તેમજ નળ કનેકશન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. છેલ્લા અઠવાડીયામાં જે અંતર્ગત કાર્યવાહી હાથ ધરતા ૭૮ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઇ કરતા રૂા.૯.૨૩ લાખ જેટલી રકમની વસુલાત થયેલ છે. જયારે ૪ જેટલી મિલ્કતોને સીલ કરેલ છે. જેમાં હીમગીરી એપાર્ટમેન્ટ, રોટલાપીર દરગાહ, રાંદેરરોડનો એક ફલેટ, અંબિકાનગર લો કોસ્ટ વસાહતમાં એક રહેણાંકવાળી મિલ્કત, દીનદયાળ સોસાયટી, પાલનપુરપાટીયા વિસ્તારમાં એક રહેણાંકવાળી મિલ્કત તથા પાશ્વનાથ કો.ઓ.હા.સોસાયટીમાં એક દુકાનને સીલ મારવામાં આવેલ છે.

સદર ઝુંબેશ ધ્યાને આવતાં રાંદેરઝોન ખાતે છેલ્લાં અઠવાડીયા દરમ્યાન અંદાજીત રૂા.૬૦.૦૦ લાખ જેટલી મિલ્કત વેરાની વસુલાત થયેલ છે.

## પ્રેસનોટ

આ ૩૩૩ આંગણવાડીઓનો બાંધકામ ખર્ચ રૂા. ૨૬.૬૪ કરોડના ખર્ચ થનાર છે. જેમાં અંદાજીત રૂા. ૧૮ કરોડ રાજય સરકારની ગ્રાંટમાંથી તથા રૂા. ૮ કરોડ સુરત મહાનગરપાલિકા ખર્ચ કરશે. આ ૩૩૩ આંગણવાડીઓ બનવાથી તેનો લાભ ૩૨,૧૯૪ બાળકો,૩૭૩૪ સગર્ભા,૩૫૫૦ ધાત્રી માતા તથા ૧૧,૦૯૩ કિશોરીઓ મળી કુલ ૫૦,૫૭૧ લાભાર્થીઓને લાભ થનાર છે. તેમને આંગણવાડી કેન્દ્રોના સાનુકુળ વાતાવરણમાં પોષણ સક્ષમ આહાર,પૂર્વ પ્રાથમિક શિક્ષણ,આરોગ્ય તપાસ,રસીકરણ તથા પોષણ–આરોગ્ય શિક્ષણનો લાભ મળવાનો છે.આટલી વિશાળ સંખ્યામાં એક જ દિવસે આંગણવાડીના કેન્દ્રોના મકાનનું ખાતમુહૂર્ત એક વિરલ ઘટના બની રહેનાર છે અને તેનો શ્રેય રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકાને જાય છે.આ સાથે સુરત શહેરનાં અસંગઠિત કુશળ શ્રમજીવીઓને સુવ્યવસ્થિત બજાર વ્યવસ્થા મળે તે હેતુથી વિકસાવેલ 'સફળ' મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીંગ પણ થનાર છે. આ એપ્લીકેશન ડાઉનલોડ કરવાથી સુરત શહેર ખાતે કોઈ પણ એરીયામાંથી કુશળ શ્રમજીવીઓની નામ,સરનામાં તથા મોબાઈલ નંબરની માહિતી હાથવેગી મળી રહેશે. આ કુશળ કારીગરોને તેમના કામના સ્થળે શોધવા જવું નહિ પડે. આમ આ એપ્લીકેશનનો લાભ સૌ નગરજનોને મળવાનો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ૩૩૩ આંગણવાડીઓનું ખાતમુહુર્ત તથા કબાબી (સુરત એકશન ફોર ઓગમેન્ટીંગ લાઈવલીહુડ) મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીગ તા.૧૫/૦૨/૨૦૧૫ ના રોજ બપોરે ૩:૩૦ કલાકે નીલગીરી સર્કલ પાસે,લિંબાયત,સુરત ખાતે મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ધ્વારા કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગ ધ્વારા સુરત મહાનગરપાલિકાના આઈ.એસ.ડી. વિભાગ સાથે સંકલનમાં રહી તૈયાર કરવામાં આવેલ કબાબી મોબાઈલ એપ્લીકશનનું લોચીંગ શહેરના અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને રોજગારી મળે, રોજગારીના વ્યાપમાં વધારો થાય અને શહેરીજનો ઘર બેઠા ફોન ધ્વારા જરૂરીયાત મુજબના ક્ષેત્રના શ્રમયોગીઓનો સીધો સંપર્ક કરી તેઓની સેવા મેળવી શકે, તે માટે શ્રમયોગીઓ અને સેવા મેળવનાર વચ્ચે સેતુરૂપ ભુમિકા ભજવવા સુરત મહાનગરપાલિકા ધ્વારા 'સફલ' કાર્યક્રમ હેઠળ મોબાઈલ એપ્લીકેશન શરૂ કરવામાં આવનાર છે.

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગી જેવા કે, કડીયાકામ, સુથારકામ, લુહારીકામ, પ્લમ્બર, ઈલેકટ્રીશયન, નર્સીગ, કેરટેકર, તેમજ અન્ય ક્ષેત્રો સાથે જોડાયેલ શ્રમયોગીઓની 'સફલ' કાર્યક્રમ અંતર્ગત શહેરમાં કાર્યરત અર્બન રીસોર્સ સેન્ટરો તથા સેવા વિનિમય પ્રોત્સાહન કેન્દ્ર ખાતે નોંધણી કરવામાં આવેલ. આ મોબાઈલ એપ્લીકેશન મારફતે શ્રમયોગી પોતાની સર્વિસ ઓફર કરી સેન્ટર મારફતે નોંધણી કરાવી શકશે. નોંધાયેલ શ્રમયોગીઓના આધાર કાર્ડ સાથે જોડાણ કરી ઓળખ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. આ કાર્ડનો ઉપયોગ નાણા સ્વીકાર તેમજ ચુકવણી કરવામાં પણ થઈ શકાશે. નોંધણી કરવામાં આવેલ શ્રમયોગીઓના ડેટાબેઝ મારફતે શ્રમયોગીઓને સુરત મહાનગરપાલિકાની અન્ય સેવા સાથે સરળતાથી જોડાણ કરી શકાશે. તેમજ તૈયાર કરેલ ડેટાબેઝ તથા શ્રમયોગીની જરૂરીયાત, રસ–રૂચિ અને બજારની માંગને ધ્યાને લઈ તેઓના વ્યવસાયિક સ્કીલ અપગ્રેડેશન માટે સરકારશ્રીના વિવિધ તાલીમ કાર્યક્રમો અંતર્ગત તાલીમ પુરી પાડવામાં આવશે. તેઓએ મેળવેલ કૌશલ્યનું પ્રમાણીકરણ એજન્સી ધ્વારા મુલ્યાંકન કરી તેઓની સ્કીલનું સર્ટીફિકેશન કરવામાં આવશે. આમ, સ્કીલ અપગ્રેડેશન મારફતે તેઓની રોજગારી મેળવવાની તકોમાં વધારો થશે.

'સફલ' એપ્લીકેશન અંતર્ગત નોંધણી થયેલ અસંગઠિત ક્ષેત્રના કામદારોની સ્કીલ અને રહેણાંક વિસ્તાર મુજબના ડેટાબેઝ મોબાઈલ એપ્લીકેશન ઉપર અપલોડ કરવામાં આવેલ છે, જેથી શહેરીજનો તેઓની જરૂરીયાત મુજબની સ્કીલવાળા અને સેવાની જરૂરીયાતના સ્થળ મુજબ શ્રમયોગીને લોકેશન પ્રમાણે ફોન ધ્વારા ઘર બેઠા સીધો સંપર્ક કરી તેઓની સેવા મેળવી શકશે. જેથી કુશળ કામદારોની શોધ માટે શહેરીજનોનો સમય,શકિત અને નાણાનો બચાવ થશે. જયારે શ્રમયોગી સરળતાથી રોજગારી મેળવી શકશે અને તેઓની રોજગારીની તકોમાં વધારો થશે.

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત  સુરત શહેર ખાતે ૩૩૩ આંગણવાડી કેન્દ્રોનું ખાત મુહર્ત તથા અસંગઠિત કુષણ શ્રમજીવીઓને સુવ્યવસ્થિત બજાર વ્યવસ્થા મળે તે હેતુથી વિકસાવેલ 'સફળ' મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીંગ ગુજરાત રાજયના માન. મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ શુભ હસ્તક તા. ૧૫/૨/૨૦૧૫ બપોરે ૩ઃ૩૦ કલાકે નિલગીરી સર્કલ પાસે, લિંબાયત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજયના માન. મંત્રીશ્રી રમતગમત,યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ (સ્વંતત્ર હવાલો),જળ સંપતિ (કલ્પસર વિભાગ) શિક્ષણ (પ્રાથમિક માધ્યમિક ,પ્રૌઢ)વિભાગના રાજય કક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી,સાંસદશ્રી સી.આર.પાટીલ, શ્રીમતી દર્શના જરદોશ,શ્રી પ્રભુભાઈપ્રસાદ, માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટીલ,અન્ય ધારાસભ્યશ્રીઓ,પક્ષના હોદ્દેદારો,પદાધિકારીઓ,મ્યુ કોર્પોરેટરશ્રીઓ,અધિકારીઓ,સમાજના અગ્રણિઓ હાજર રહેશે.

સને વર્ષ ૨૦૧૨ માં કુલ ૧૦૦૪ પૈકી ભાડે મકાનમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો ૭૧૫ હતા અને પોતાના મકાનમાં ૨૮૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત હતા. પરંતુ છેલ્લા બે વર્ષ દરમ્યાન આંગણવાડી માટે પાકા મકાન બનાવવાની ઝુંબેશ ઉપાડતા તથા જયાં શાળાના ઓરડામાં અથવા મહાનગરપાલિકાની વણઉપયોગી મિલ્કતો ખાલી હોય તેમાં આંગણવાડી ખસેડતાં હાલ ૬૧૫ આંગણવાડી કેન્દ્રો પોતાનાં મકાનમાં તથા  ૩૮૭ આંગણવાડી કેન્દ્રો ભાડાનાં મકાનમાં ચાલે છે. ૩૮૭ પૈકી ૩૩૩ આંગણવાડીનું ખાત મૂર્હત આજ રોજ કરવામાં આવશે. જયારે ૩૫ આંગણવાડીનું બાંધકામ ચાલે છે અને  બાકી રહેતી આંગણવાડી ૧૯ ની જગ્યા પણ ટુંક સમયમાં શોધી બાંધકામ ચાલુ કરવામાં આવશે. આમ તમામ આંગણવાડી કેન્દ્રો પોતાના પાકા મકાનમાં સુવિધા સંપન્ન કાર્યરત રહે તે માટે સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે.

આ ૩૩૩ આંગણવાડીઓનો બાંધકામ ખર્ચ રૂા. ૨૬.૬૪ કરોડના ખર્ચ થનાર છે. જેમાં અંદાજીત રૂા. ૧૮ કરોડ રાજય સરકારની ગ્રાંટમાંથી તથા રૂા. ૮ કરોડ સુરત મહાનગરપાલિકા  ખર્ચ કરશે. આ ૩૩૩ આંગણવાડીઓ બનવાથી તેનો લાભ ૩૨,૧૯૪ બાળકો,૩૭૩૪ સગર્ભા,૩૫૫૦ ધાત્રી માતા તથા ૧૧,૦૯૩ કિશોરીઓ મળી કુલ ૫૦,૫૭૧ લાભાર્થીઓને લાભ થનાર છે. તેમને આંગણવાડી કેન્દ્રોના  સાનુકુળ વાતાવરણમાં પોષણ સક્ષમ આહાર,પૂર્વ પ્રાથમિક શિક્ષણ,આરોગ્ય તપાસ,રસીકરણ તથા પોષણ—આરોગ્ય શિક્ષણનો લાભ મળવાનો છે.આટલી વિશાળ સંખ્યામાં એક જ દિવસે આંગણવાડીના કેન્દ્વોના મકાનનું ખાતમુહૂર્ત એક વિરલ ઘટના બની રહેનાર છે અને તેનો શ્રેય રાજય સરકાર અને  સુરત મહાનગરપાલિકાને જાય છે.આ સાથે સુરત શહેરનાં અસંગઠિત કુશળ શ્રમજીવીઓને સુવ્યવસ્થિત બજાર વ્યવસ્થા મળે તે હેતુથી વિકસાવેલ 'સફળ' મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીંગ પણ થનાર છે. આ એપ્લીકેશન ડાઉનલોડ કરવાથી સુરત શહેર ખાતે કોઈ પણ એરીયામાંથી કુશળ શ્રમજીવીઓની નામ,સરનામાં તથા મોબાઈલ નંબરની  માહિતી હાથવેગી મળી રહેશે. આ કુશળ કારીગરોને તેમના કામના સ્થળે શોધવા જવું નહિ પડે. આમ આ એપ્લીકેશનનો લાભ સૌ નગરજનોને મળવાનો છે.

## “S-Connect Card”

વધતા જતા શહેરીકરણની સાથે શહેરમાં જરૂરી માળખાગત અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તથા શહેરીકરણની સમસ્યાઓના નિરાકરણ માટે અને શહેરીજનોની સુખાકારી માટે ભારત સરકાર દ્વારા સ્માર્ટ સીટી બનાવવા અંગે પરીકલ્પના જાહેર કરવામાં આવેલ છે.સ્માર્ટસીટી અંતર્ગત મેઈક ઈન ઈન્ડીયા, કલીન ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા અને ડીજીટલ ઈન્ડીયાની પરીકલ્પના પણ જાહેર કરવામાં આવેલ છે.

સુરત મહાનગર પાલિકા અદ્યતન ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ થકી શહેરીજનોની સુવિધા અને સુખાકારી વધારવા હંમેશા પ્રયત્નશીલ છે.સુરત મહાનગર પાલિકા દ્વારા ડીજીટલ ઈન્ડીયા પરીકલ્પના ના ભાગરૂપ આજરોજ શહેરીજનોની સુરત મહાનગર પાલિકા સાથે થતા વિવિધ નાણાંકીય વ્યવહારો તથા અન્ય સેવાઓ એક જ કાર્ડ થકી ઉપલબ્ધ કરી શકાય તે હેતુથી સુરત મહાનગર પાલિકા દવારા "S-Connect Card" લોન્ચ કરવામાં આવનાર છે. આ કાર્ડ થકી સુરત મહાનગર પાલિકાની જુદી જુદી સર્વિસો જેવી કે BRTS, સીટી બસ સર્વિસ, પે એન્ડ પાર્ક, એકવેરીયમ, સરથાણા ઝુ, સ્વીમીંગપુલ, લાયબ્રેરી, કબાબીવિ. ના પેમેન્ટ માટે તથા સેવાઓ માટે શહેરીજનોએ માત્ર એક જ "S-Connect Card" રાખવાનો રહેશે. સદર કાર્ડ થકી નાગરીકો અને સુરત મહાનગર પાલિકાના વ્યવહાર ખૂબ જ સરળતાથી પૂર્ણ કરી શકાશે.ભવિષ્યમાં સુરત મહાનગર પાલિકાને લગતી વધુને વધુ સેવાઓ "S-Connect Card" સાથે સાંકળી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની અન્ય સરકારી અને ખાનગી સંસ્થાઓની સેવાઓ પણ "S-Connect Card" દવારા થઈ શકે તે માટે પ્રયત્ન કરવામાં આવશે. આમ સુરત મહાનગર પાલિકા ધ્વારા આજરોજ "S-Connect Card" લોન્ચ કરીને ડીજીટલ ઈન્ડીયા– ડીજીટલ સુરત તરફ વધુ એક કદમ લેવામાં આવેલ છે.

પ્રથમ તબકકામાસુરત મહાનગરપાલિકાની પાંચ સર્વીસો જેવી કે ખચતકલ પે એન્ડ પાર્ક, લાયબ્રેરી, કબાબીલઅને ટ્રાફિક પોઈન્ટ વિગેરેના કોમન પેમેન્ટ માટે"S-Connect Card" અમલ માં મુકવામાં આવનાર છે.

**૧. BRTS**

- BRTS માટે રેગ્યુલર મુસાફરો માટે Non registeredતેમજ સ્ટુડન્ટ, સીનીયર સીટીઝન અને મન્થલી પાસ હોલ્ડરો માટે Registered CARD(ફોટો કાર્ડ) ઈશ્યુ કરવામાં આવશે.
- બસસ્ટેન્ડ ખાતે એન્ટ્રી તથા એકઝીટમાં વેલીડેટર મુકવામાં આવશે.
- કાર્ડ હોલ્ડર, એન્ટ્રીમાં મુકવામાં આવેલ વેલીડેટર પર "S-Connect Card"TAP કરી મુસાફરી શરૂ કરી શકશે. જેનાથી એ રૂટ પરના મહત્તમ ફેરની રકમ કાર્ડમાં બ્લોક થશે.અને જયારે મુસાફરી પૂર્ણ કરશે ત્યારે એકઝીટમાં મુકવામાં આવેલ વેલીડેટર પર ફરીથી TAP કરી મુસાફરી મુજબનું ભાડુ ઓટોમેટીકલી ચુકવી શકશે.
- દરેક ટ્રાન્ઝેકશન દરમ્યાન ઓડીયો વીઝયુઅલ ફીડબેક પણ મુસાફરોને મળશે.
- આ કાર્ડના ઉપયોગથી મુસાફરોને મુસાફરી દરમ્યાન થતી અગવડતા જેવી કે, રોકડ રકમ, ટીકીટ માટે લાઈનમાં ઉભા રહેવું વિ. મહદઅંશે નિવારી શકાશે.

**૨. પે એન્ડ પાર્ક**

- "S-Connect Card" દવારા પે એન્ડ પાર્કના પણ પેમેન્ટ કરી શકાશે.
- પે એન્ડ પાર્કના કુલ ૩૫ લોકેશનો પૈકી પ્રથમ તબકકામાં ૫ લોકેશન આવરી લેવામાં આવશે.
- દરેક લોકેશન પર CARD ACCEPTANCE DEVICE મુકવામાં આવશે.જેનાથી પાર્કિંગ ટીકીટ ઈશ્યુ કરવામાં આવશે. જે સર્વર પર મુકવામાં આવેલ વ્હીકલડેટા સાથ[ MATCH કરવા કેપેબલ હશે.
- દરેક લોકેશન પરથી વ્હીકલના નંબર સહિત એન્ટ્રી એકઝીટ તથા ભાડાની વસુલાત સહિતનો રીપોર્ટ ડે ટુ ડે મળશે.

**૩. લાયબ્રેરી**

- RegisteredccS-Connect Card"ઈશ્યુ કરવામાં આવશે.
- જેનો ઉપયોગ શહેરીજનો બુક ઈશ્યુ / પરત કરવા,રીડીંગ રૂમ યુઝ કરવા, મેમ્બરશીપ માટે તથા તેના રીન્યુ માટે તેમજ LATE ફીનું પેમેન્ટ કરવા કરી શકશે.
- લાયબ્રેરી વપરાશના ડે ટુ ડે ના રીપોર્ટ ઓટોમેટીકલી જનરેટ કરી શકાશે.

**૪. SAFAL(SURATACTION FOR AUGMANTING LIVELYHOOD)**

- SERVICE EXCHANGE PRAMOTION CENTER( SEPC) દવારા રજીસ્ટર કરવામાં આવનાર SKILLED/UNSKILLED LABOURને ફોટોવાળા RegisteredccS-Connect Card"ઈશ્યુ કરવામાં આવશે.જેને આધાર કાર્ડ સાથે લીન્ક કરવામાં આવશે. આ કાર્ડ આઈડી પ્રુફ તરીકે ગણાશે.
- જેને વેરીફાય કરી શહેરીજનો જરૂરીયાત મુજબના SKILLED/UNSKILLED LABOUR ની સર્વિસ મેળવી ''S-Connect Card"ધ્વારા લીધેલ સર્વિસનું પેમેન્ટ પણ કરી શકશે.

**૫. ટ્રાફિક પોઈન્ટસ**

- ટ્રાફિક જંકશનો ખાતે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસને વેલીડેટર ઈશ્યુ કરવામાં આવશે.જેનાથી ટ્રાફિકનિયમોનો ભંગ કરનાર શહેરીજનો પાસે ''S-Connect Card"ધ્વારા દંડ વસુલ કરી શકાશે.જેને વ્હીકલડેટા સાથે પણ LINK કરવામાં આવશે.

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૨/૧૫નાં સ્વાઈનફલુ (ઈન્ફલુન્ઝા–એ) અંગે કુલ ૧૨,૪૪,૯૨૫ ઘરોનો સર્વે કરવામાં આવ્યો.</u>**

હાલમાં સ્વાઈનફલુ (ઈન્ફલુન્ઝા–એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે. સરકારશ્રી તરફથી તા.૧૪/૦૨/૧૫ ના રોજ એક જ દિવસે સમગ્ર ગુજરાતમાં ઘરે ઘરે જઈને તમામ વ્યકિતઓનો સર્વે કરીને સમગ્ર જન સમુદાયમાંથી એક જ દિવસે આવા રોગના લક્ષણો ધરાવતા વ્યકિતઓને શોધી કાઢવાનું અભિયાન હાથ ધરવાનું જણાવતા મે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ),તમામ ઝોનલચીફના તેમજ ઈ.ચા. આરોગ્ય અધિકારી અને તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી.સુરત મહાનગરપાલિકાએ આજ રોજ સવારે ૮ થી સાંજે ૫ દરમ્યાન રહેણાક વિસ્તાર/ કોમર્શીયલ/ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર મળી અંદાજે ૧૨,૭૮,૮૮૦ ઘરોના સર્વેનું આયોજન કર્યુ હતુ.આ કામગીરીમાં ૨૫૮૩ ટીમોમાં અંદાજે ૫૦૦૦ કર્મચારી,૪૧૯ સુપરવાઈઝર તેમજ ૫૦ થી વધુ મેડીકલ ઓફીસરો મળી અંદાજે ૫૪૬૯ અધિકારી/કર્મચારીઓ જોડાયા હતા.

આજના આ અભિયાનમાં સ્વાઈન ફલુના દર્દીને વહેલી અને સમયસર સારવાર મળે તે જરૂરી હોય તેને ધ્યાનમાં રાખી અને ભવિષ્યમાં આવા લક્ષણો લોકોને જોવા મળે તો સારવાર લેવા માટે પ્રેરાય તે હેતુસર સુરત મહાનગરપાલિકાની ટીમોએ ઘરે ઘરે જઈને સ્વાઈન ફલુના રોગોના લક્ષણો વિશે અને રોગથી બચવા માટે શું પગલા લેવા / સાવચેતી રાખવી તેની સમજ આપવાની કામગીરી સાથે સાથે લક્ષણો ધરાવતા લોકોને સારવાર માટે અર્બન હેલ્થ સેન્ટર ખાતે રીફર કરવાની કામગીરી કરેલ હતી.

આજ રોજ સરકારશ્રી તરફથી એક સેટકોમનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી,મેડીકલ ઓફીસર અને સુપરવાઈઝરોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ.આ સેટકોમમાં વેસ્ટ ઝોન ખાતે આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલ બીસ્કીટવાલા પણ હાજર રહયા હતા.

વધુમાં ગુજરાત રાજયના આસી.ડાયરેકટર (ફેમીલી વેલ્ફેર) ડો.વૈધ અને રિજીયોનલ ડેપ્યુટી ડાયરેકટર ડો.કચ્છલ સાહેબે આ કામગીરીની મોનીટરીગ માટે જુદા

જુદા વિસ્તારોમાં મુલાકાત લીધી હતી અને તેઓ સુરત મહાનગરપાલિકાની કામગીરી થી પ્રભાવિત થયા હતા.

આ અભિયાન માં કુલ ૧૨,૪૪,૯૨૫ ઘરો તથા ૪૮,૩૦,૩૯૧ વ્યકિતઓનું સર્વે કરવામાં આવ્યું હતું જેમાં શરદી ખાંસી અને તાવ વાળા ૧૭,૩૩૬ વ્યકિતઓ મળી આવ્યા હતા જેમાંથી ૧૩,૦૭૨ વ્યકિતઓએ અગાઉ સારવાર લીધી હતી અને સારવાર ન લીધેલ તેમજ વધુ સારવાર જરૂર હોય તેવા ૫૯૪૪ વ્યકિતઓને અર્બન હેલ્થ સેન્ટર/સ્મીમેર/નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકાના ટોલ ફ્રી નં.૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ પર સવારે ૮ થી સાંજે ૮ સુધી માગદર્શન આપવામાં આવ્યું હતું

જયારે બાકી રહેલા ઘરોમાં તા.૧૫/૦૨/૧૫ નાં રોજ પણ આ કામગીરી કરવામાં આવશે.જેથી નાગરિકોને આ કામગીરી માં આજની કામગીરી જેવો જ સહકાર આપવા વિનંતી.

# પ્રેસનોટ

હાલમાં સ્વાઇનફલુ (ઇન્ફલુન્ઝા-એ(એચ૧એન૧))નાં કેસો રાજયની સાથે સાથે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં પણ નોંધાયા છે. સરકારશ્રી તરફથી તા.૧૪/૦૨/૧૫ ના રોજ એક જ દિવસે સમગ્ર ગુજરાતમાં ઘરે ઘરે જઇને તમામ વ્યકિતઓનો સર્વે કરીને સમગ્ર જન સમુદાયમાંથી એક જ દિવસે આવા રોગના લક્ષણો ધરાવતા વ્યકિતઓને શોધી કાઢવાનું અભિયાન હાથ ધરવાનું જણાવતા મે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ),તમામ ઝોનલચીફના તેમજ ઇ.ચા. આરોગ્ય અધિકારી અને તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આજ રોજ બાકી રહેલા ઘરોમાં કામગીરી કરવામાં આવેલ હતી જેમાં કુલ ૧૧૮૬૨ ઘરો તથા ૫૧૮૨૧ વ્યકિતઓનું સર્વે કરવામાં આવ્યુ હતુ જેમાં શરદી-ખાંસી અને તાવ વાળા ૧૫૭ વ્યકિતઓ મળી આવ્યા હતા. જેમાંથી ૧૧૭ વ્યકિતઓએ અગાઉ સારવાર લીધી હતી અને સારવાર ન લીધેલ તેમજ વધુ સારવારની જરૂર હોય તેવા ૪૬ વ્યકિતઓને અર્બન હેલ્થ સેન્ટર / સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ અભિયાનમાં (તા.૧૪-૨-૧૫ તથા ૧૫-૨-૧૫ ) કુલ ૧૨,૫૬,૭૮૭ ઘરો તથા ૪૮,૮૨૫૧૨ વ્યકિતઓનું સર્વે કરવામાં આવ્યુ હતુ જેમાં શરદી-ખાંસી અને તાવ વાળા ૧૭,૪૯૩ વ્યકિતઓ મળી આવ્યા હતા. જેમાંથી ૧૩,૧૯૮ વ્યકિતઓએ અગાઉ સારવાર લીધી હતી અને સારવાર ન લીધેલ તેમજ વધુ સારવારની જરૂર હોય તેવા ૫૯૯૫ વ્યકિતઓને અર્બન હેલ્થ સેન્ટર / સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

સ્વાઇનફલુના લક્ષણો તથા રોગ પ્રતિકારક પગલા અંગેની લોકોમાં જન જાગૃતી મળે તે હેતુસર આ ટીમોએ ૧૪,૮૧,૮૬૨ જેટલી પ્રચાર પત્રીકાનું વિતરણ કરાવ્યુ હતું

જનસંપર્ક વિભાગ
15 FEB 2015
સુરત મહાનગર સેવા સદન
સમાચાર
૧૨૨૧

## પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ૩૩૩ આંગણવાડીઓનું ખાતમુહૂર્ત તથા અસંગઠિત બજાર વ્યવસ્થા મળે તે હેતુથી વિકસાવેલ 'સફલ' મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીંગ તથા એસ–કનેકટ કાર્ડનું પાયલટ લોન્ચીંગ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે તા.૧૫/૦૨/૨૦૧૫,રવિવારના રોજ રાખવામાં આવેલ હતું

આ પ્રસંગે માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત એક સાથે ૩૩૩ આંગણવાડી ના ખાતમુહૂર્ત,અસંગઠિત કુશળ મજુરોને બજાર વ્યવસ્થા ઉપલબ્ધ કરી સફલ મોબાઈલ એપ્લીકેશન લોન્ચીંગ અને એસ કનેકટ કાર્ડના લોન્ચીંગ પ્રસંગે જણાવ્યું હતું કે કુપોષણ એ એક પ્રકારનો પડકાર છે.અને જયારે આપણે ભૌતિક પ્રગતિ કરીએ ત્યારે કુપોષણ એ આપણને શોભા નથી દેતુ. કુપોષણના પડકારને ઝીલી લેવા જાણાવ્યું હતું આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આંનદીબેન પટેલ તથા મંચસ્થ મહાનુભવો,નગરજનો,મીડીયાના મિત્રોનું હું હાર્દિક સ્વાગત કરું છુ.



આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યું હતું કે ગુજરાત નું ગૌરવ અને પ્રગતિના પથપ્રદર્શક પ્રથમ મહિલા મુખ્યમંત્રી અમારા માટે હંમેશા પ્રેરણાદાયી છે.સુરત શહેરના ૩૩૩ આંગણવાડીઓના ખાતમુહૂર્ત પ્રસગે પ્રધારેલા માન.મુખ્યમંત્રી શ્રીમતી આંનદીબેન પટેલના દીર્ઘદષ્ટિથી વિવિધ મહત્તમલાભ પ્રજાને મળે તેવી યોજનાઓ સફળતાપુર્વક અમલમાં મુકી છે.મહિલાઓને માર્ગદર્શન મળી રહે તે માટે તેઓ સતત ચિંતીત રહયા છે. મહિલાઓના અધિકારો માટે લડતા આવ્યા છે. મુખ્યમંત્રી બન્યા પછી ઘણી બધી યોજનાઓ શરૂ કરી છે.એ માટે અમે એમના ખુબ ખુબ આભારી છીએ મિશન મંગલમ્ના યોજના હેઠળ આંગણવાડીના ઘનિષ્ઠ પોષણ સુધારવા માટે રૂા.૨૭૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આંગણવાડી કાર્યકર તેમજ હેલ્પરના માનદ્ વેતનમાં વધારો કર્યો છે.મુખ્યમંત્રી શ્રીમતી આંનદીબેન પટેલના ગતિશીલ ગુજરાત અંતર્ગત કુપોષણ ઘટાડવા માટે ૧૦ હજાર આંગણવાડી કેન્દ્રો ખાતે ઘનિષ્ઠ પોષણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સાથે સાથે આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન,સ્ટવ,ઈડલી કુકર,ફાયર સેફટી સહિતની સુવિધા આંગણવાડીમાં ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ પ્રસંગે સાંસદશ્રી સી.આર.પાટીલે તેમના ઉદ્બોધનમાં જણાવ્યું કે સૌથી વધારે આંગણવાડી આ વિસ્તારમાં આવેલી છે. આજના ખાત્મુહૂર્ત પછી બનનારી આંગણવાડીનો સૌથી મોટો લાભ પણ આ વિસ્તારના બાળકોને મળશે.તમામ રાજયના લોકો આ વિસ્તારમાં રહે છે. છેલ્લા દશ વર્ષોમાં વિકાસના પરીણામો નો લાભ લિંબાયત વિસ્તારને મળ્યો છે.અને અહી મકાનો અને જમીનોની કિંમત પણ વધી છે.સુરત શહેરનું રેલ્વેયાર્ડ પણ લિંબાયત વિસ્તારમાં બનશે

આ પ્રસંગે ગુજરાત રાજયના રાજયકક્ષાના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે આંગણવાડીના બાળકોને નરમ અને પોષ્ટિક આહાર મળે એ માટે અક્ષયપાત્ર સંસ્થા ધ્વારા જે નવું કીચન શેડ બન્યું તેનું લોકાપર્ણ કરવામાં આવ્યું સુરતને નવી ઓળખ મળે તે માટે સુરત ડ્રીમસીટી તથા સુરત ડાયમંડબુર્સનું ભૂમિપૂજન કર્યુ હતુ.ગુજરાતના વિકાસની સાથોસાથ સુરત પણ વિકાસ કરે ,સુરતના તમામ નગરજનોનો વિકાસ થાય એવી કલ્પના અને પ્રભુને પ્રાર્થના કરી હતી .નાના નાના બાળકો નવા ભવનની અંદર રમશે અને જમશે અને શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રીમતી આંનદીબેન પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું કે આંગણવાડીમાં આવતા ગરીબ વર્ગના બાળકોને ગરમ,ગુણવત્તા યુકત અને સ્વાદિષ્ટ ભોજન સમયસર મળે તે આશયથી આજરોજ અક્ષયપાત્ર ફાઉન્ડેશન તરફથી રસોડાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે.જેમાં ૧ મિનિટ માં ૫૦૦૦ રોટલી તૈયાર થઈને બહાર નીકળે છે.૧,૧૦,૦૦૦ પ્રા.શાળાના બાળકો અને ૨૫૦૦૦ આંગણવાડીના બાળકોને આ રસોડાનો લાભ મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને આનો લાભ મળે તેવો સંકલ્પ છે.જે બાબતે તેઓશ્રીએ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ,અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.આજરોજ જીલ્લા સેવા સદન વિભાગ ધ્વારા એક અલગ સેલ ઉભો કરવામાં આવ્યો છે.ગરીબ ભાઈઓ અને બહેનોને રોજગારીનો લાભ મળે તે માટે રાજય સરકાર ધ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ તૈયાર કરવામાં આવેલ છે.ખજોદ ખાતે ડાયમંડ બુર્સ તથા ડ્રીમસીટીની ખાતમુહૂર્તવિધિ સંપન્ન કરવામાં આવી હતી.જેને લઈને શહેરમાં ડ્રેનેજ લાઈન,ગાર્ડન,બિલ્ડીંગો વિગેરે તૈયાર કરવા માટે કેટલા કુશળ કારીગરોની જરૂરીયાત ઉભી થઈ છે.જેને લીધે રોજગારીનો તકો વધી છે.જે ગરીબ વ્યકિતના ઘર સુધી પ્રાપ્ત થશે.હાલમાં સ્વાઈનફલુ ફેલાયો છે.જેને અંકુશમાં લેવા માટે શહેરને સ્વચ્છ રાખવા અપીલ કરી હતી.






આ પ્રસંગે સુરત શહેરના મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા એ જણાવ્યું હતું કે સુરત વિકાસની હરણફાળ ભરી રહયું છે.તે ગતિને તેજ બનવવા માટે પ્રોત્સાહનરૂપે આંગણવાડીઓની ખાતમુહૂર્તનો કાર્યક્રમ માનવતાભર્યો છે.શહેરના મધ્યમ ગરીબ અને છેવાડાના બાળકો આંગણવાડીમાં ભણી અને ભારતનું ભવિષ્ય તૈયાર થવાનું છે.આથી ૩૩૩ આંગણવાડીઓનું એક સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.આ સંવેદનાસભર અને માનવતાસભર કાર્યક્રમ છે.વડાપ્રધાનશ્રી નું તે સ્વપ્ન છે.કે ડીઝીટલ ઈન્ડીયા,સ્માર્ટ ઈન્ડીયા,સ્કીલ ઈન્ડીયા અંતર્ગત એસ–કનેકટ કાર્ડ નું પાયલટ લોન્ચીગ,સફલ મોબાઈલ એપ્લીકેશનનું લોન્ચીંગ વગેરે સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવ્યું હતું

સુરત મહાનગરપાલિકા ધ્વારા આ વર્ષે રૂા.૨૫૦૬/–કરોડના કેપીટલ કામોની જોગવાઈ છે.રૂા.૮૩૦/–કરોડના કામો માર્ચના અંત સુધીમાં પૂર્ણ થવાના છે. સને ૨૦૧૪–૧૫ માં લગભગ રૂા.૧૮૫૦/– કરોડના વિકાસ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.જુદા જુદા પ્રોજેકટની વિગત આપી હતી,આંગણવાડીના,પ્રાથમિક શાળાના બાળકોને ગરમ ભોજન અને ઉચ્ચ ગુણવત્તાવાળુ ભોજન મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ચિંતિત છે.અને એ દિશામાં આગળ વધી રહી છે.

આ પ્રસંગે માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન.કે.વેકરીયાએ આભારવિધિ કરી હતી. માન. સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ ,ગુજરાત હાઉસીંગ બોર્ડના માન.અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,ગુજરાત પ્રદેશ માન.મંત્રીશ્રી ભરતસિંહજી પરમાર,માન.ધારાસભ્યશ્રી અજયભાઈ ચોકસી,,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,,માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ,,માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ,,માન.ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, એસ.બી.આઈના જનરલ મેનેજર શ્રી એ.એન.અપૈયા,તથા શ્રી એસ.વી.શાસ્ત્રી,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, મા.કલેકટરશ્રી રાજેન્દ્ર પ્રસાદ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ , મીડીયા, અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા બહુ મોટી સંખ્યામાં જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રેસનોટ – નોર્થ ઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૨/૨૦૧૫ થી તા.૧૫/૦૨/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૭૬૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૩૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૯૭૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજા થી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., લાલ દરવાજા, પટેલવાડી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપા સીતારામ ચોક, મગનનગર વિગેરે વિસ્તારમાંથી કુલ ૪૫૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૦,૨૫,૨૪૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૧૫ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૩૦,૫૧૬/– ની વસુલાત કરી તથા ૦૨ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૨ એન્ટ્રીમાં રૂા.૬૬,૭૦૬/– અને આર.સી.ની. ૭૧ એન્ટ્રીમાં રૂા.૧૬,૪૦,૨૦૨/– મળી કુલ રૂા.૧૭,૦૬,૯૦૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૨૮ એન્ટ્રીમાં રૂા.૧૫૦૦/– અને દંડ ની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૧૬.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૩૩ ફાઈલના રૂા.૧૮.૩૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૯ લોકેશન(ખાડા)૪૨૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૮૮૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૧૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૨૯૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.પાણીના નવા કનેકશન કુલ ૯૪ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૬૭૦/– વસુલ લેવામાં આવેલતથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૮૨ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૨૫૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૪૧.૭૯ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧૮.૪૦ લાખ થયેલ છે.,૧૧ EC તથા ૧૧ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૭૭૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૬૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૭૭ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૪.૨૨ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૪ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૦૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૬૮૮૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૪૪૭૪ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૨૩૨ કરવામાં આવેલ છે. જયારે ૦૬ નોટીસ આપવામાં આવેલ છે.

## પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં.૩૧૪, ૩૧૫ ભાગલ ચાર રસ્તા, સુરત વાળી મિલકતમાં અત્રેથી તા. ૧૪/૦૭/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, ઓ.ટી.એસ.માં કરવામાં આવેલ આશરે ૨૦૦ ચો. ફુટ માપ વિસ્તારના આર.સી.સી. સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા. ૧૬/૦૨/૨૦૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

## જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૪/૦૨/૨૦૧૫ નાં રોજ સુરત શહેરમાં આવેલ મહાનગરપાલિકા સંચાલિત તમામ અર્બન હેલ્થ સેન્ટરો, હોસ્પિટલો, દવાખાનાઓ, મેટરનીટી હોમ, પથોલોજી – લેબોરેટરી તથા આંગણવાડી અને વોર્ડ ઓફિસોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત સુરત મહાનગરપાલિકા સંચાલિત કુલ ૩૯ અર્બન હેલ્થ સેન્ટરો, કુલ ૫૩૪ હોસ્પિટલ, મેટરનીટી હોમ અને ખાનગી દવાખાના / કલીનીક, કુલ ૭૫ પેથોલોજી લેબોરેટરી, કુલ ૪૪૭ આંગણવાડી તેમજ કુલ ૮૯ વોર્ડ ઓફિસ / વાહન ડેપો / ઝોન ઓફિસોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયેતા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૬/૦૨/૨૦૧૫ નાં રોજ સંસ્થાની અન્ય જાહેર મિલકતો, વોટર વર્કસ / પમ્પીંગ સ્ટેશન, આંગણવાડી મિલકતોમાં જમા થયેલ કચરાના ઢગલાના નિકાલની તેમજ ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત શહેરની ૨૧૩ – જાહેર મિલકતો, ૨૪ – વોટર વર્કસ, ૧૯ – પમ્પીંગ સ્ટેશન, ૪૩૬ – આંગણવાડીઓની ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવી, સફાઈ દરમ્યાન એકત્રિત થયેલ મ્યુ.સોલીડ વેસ્ટનો નિકાલ કરવામાં આવેલ છે.

# સુરત શહેરને INDIA's MOST PROMISING CITY એવોર્ડ




સ્માર્ટસીટી કાઉન્સિલ દ્વારા INDIA's MOST PROMISING CITY □□ □□□□ અંતર્ગત સુરત શહેરની પસંદગી કરવામાં આવી છે. એવોર્ડ એવોર્ડ વિતરણ સમારંભ □□□□Media Information Group દ્વારા તા. દ્વારા તા. ૧૭.૦૨.૨૦૧૫ ના રોજ ઇન્ડિયા હેબીટાટ સેન્ટર, નવી દિલ્હી ખાતે આયોજિત બીજી સ્માર્ટ સીટી સમિટ દરમિયાન યોજવામાં આવ્યો હતો. Construction World તથા Indices Analyticsની મદદથી સ્માર્ટ અને ઇનોવેટીવ ડેવેલપમેન્ટને ધ્યાને રાખી સ્ટડી રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ. જેને ધ્યાને રાખીને સુરત શહેરની એવોર્ડ અંતર્ગત પસંદગી કરવામાંઆવી.સુરત શહેર ઉપરાંત અન્ય ૧૯ શહેરોને પણ એવોર્ડ દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા હતા.સ્માર્ટસીટીસમિટ દરમિયાન વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તથા વિવિધ શહેરોના ઉચ્ચ પદાધિકારીઓ/અધિકારીઓ વચ્ચે શહેરોને અત્યાધુનિક બનાવવાના હેતુથી ચર્ચા વિચારણા કરવામાં આવી. શહેરોને ટેકનોલોજીથી સુસજ્જ બનાવવા વિવિધ પાયાના મુદ્દાઓ જેવાકે Urban Planning, Smart Buildings, Smart Energy, Smart Social Infrastructure, Smart Mobility, Smart Security, Smart Finance, Smart E Governance, Smart Technology, Smart Utilities પર ચર્ચા કરવામાં આવી. સમિટ દરમિયાન સ્માર્ટસીટી કાઉન્સિલ, □□□ FIRST INDIA SMART CITIES COUNCIL ની શરૂઆત કરવામાંઆવી હતી અને SMART CITIES CITIES SUMMIT handbookનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

સ્માર્ટસીટી કાઉન્સિલ, અમેરિકાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી ફિલિપ બેન પણએવોર્ડ સમારંભમાંઉપસ્થિત રહ્યા હતા અનેસુરત શહેરને શ્રી ફિલિપ બેન દ્વારા INDIA's MOST PROMISING CITY □□ □□□ એનાયત કરવામાં આવ્યો હતો.સુરત શહેરને એનાયત થયેલએવોર્ડ શહેરના પ્રથમ નાગરિક માનનીય મેયર શ્રી. નિરંજન ઝાંઝમેરા તથા ડેપ્યુટી કમિશનર શ્રી સી વાય ભટ્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. સુરત શહેર દ્વારા નાગરિકોની સુખાકારી માટે તથા શહેરીજીવન સરળ બનવવા માટે કરવામાં આવેલા પ્રયાસોની તથા હાથ ધરવામાં આવેલા વિવિધ પ્રકલ્પોની પણ સરાહના કરવામાં આવી હતી.

## : પ્રે સ નો ટ : – સ્લમ અપગ્રેડેશન વિભાગ – સુરત મહાનગરપાલિકા

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ ( PPP ) હેઠળ જાહેર માલિકીની જગ્યા ઉપર આવેલ ઝુંપડપટ્ટીનું તે જ સ્થળે પુનઃવસન કરવાના કામે સુરત મહાનગરપાલિકા ધ્વારા ટેન્ડર નોટીસ નં. ACE(CIVIL)/SUC/03/2014-15 થી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવેલ. તેના અનુસંધાનમાં મે. કમિશ્નરશ્રીની અધ્યક્ષતામા સુરતમહાનગરપાલિકાનાં નવા સ્થાયી સમિતિ ખંડમાં શહેરના નામાંકિત બિલ્ડર્સો / ડેવલપર્સો સાથે પ્રિ–બીડ મીટીંગ રાખવામાં આવેલ હતી. સદર મીટીંગમાં શહેરનાં નામાંકિત બિલ્ડર્સો / ડેવલપર્સો ઘણી મોટી સંખ્યામાં હાજર રહેલ. જેમાં મહાનગરપાલિકા ધ્વારા યોજનાનું વિસ્તૃત પ્રેઝન્ટેશન રજુ કરી હાજર રહેલ તમામ બિલ્ડર્સો / ડેવલપર્સોને માહિતગાર કરવામા આવેલ. જે સંદર્ભે બિલ્ડર્સો / ડેવલપર્સો ધ્વારા સુચક વિગતો અંગે માર્ગદર્શન માંગવામાં આવેલ, જે મે. કમિશ્નરશ્રી તથા એડી. સીટી ઈજનેરશ્રી કેતનભાઈ પટેલ ધ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવેલ. જેને તમામ હાજર રહેલ બિલ્ડર્સો / ડેવલપર્સો તરફથી સહર્ષ પ્રતિસાદ આપી યોજનામાં ભાગ લેવા ઉત્સુકતા દર્શાવેલ હતી.

આ યોજના હેઠળ આજણાં વિસ્તારમાં આંબેડકર નગર , ગાંધીનગર, ચીમની ટેકરો, જુના ડેપો અને ઈસ્લામપુરા , હળપતિવાસ તેમજ ખ્વાજાનગરનાં અંદાજીત કુલ–૩૭૫૦ ઝુંપડાઓ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ ટેન્ડર નોટીસનાં ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૧૮–૦૨–૨૦૧૫ હોય, બિલ્ડર્સો / ડેવલપર્સોની રજુઆત ધ્યાને લઈ મે. કમિશ્નરશ્રીએ સદરહુ મુદત તા. ૦૩–૦૩–૨૦૧૫ સુધી લંબાવવાની જાહેરાત કરી હતી.

આ યોજનામાં નજીકનાં ભવિષ્યમાં બીજા તબકકામાં આંજણા વિસ્તારની જવાહરનગર, નહેરુનગર, સલીમનગર, ગૌસીયા મસ્જીદ, ઉર્મીયાનગર, વિવેકાનંદ નગર ઝુંપડપટ્ટી, શિવનગર ફુલપાડા, દિનદયાળનગર કાપોદ્રા, ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ લીંબાયત, પંચશીલનગર–૧ અને ૨, જહાંગીરાબાદ એચ–૮ ખાતેના અંદાજીત ૯૦૦૦ ઝુંપડાઓ માટે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવનાર છે.

આમ, ઉપરોકત યોજનાનું અમલીકરણ થયેથી આ યોજના હેઠળ ઝુંપડાવાસીઓને જયાં ઝુંપડું ત્યાં જ સંપુર્ણ સુવિદ્યાયુકત પાકા મકાન વિનામુલ્યે ( મફત ) ઉપલબ્ધ થનાર છે. જેથી ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચું લાવી શકાશે. આ યોજના સુરત મહાનગરપાલિકા, બિલ્ડર્સો / ડેવલપર્સો તથા ઝુંપડાવાસીઓને પણ લાભકર્તા હોય બિલ્ડર્સોએ ખુબ જ સાનુકુળ પ્રતિસાદ આપી યોજનાને વધાવી લેવામાં આવેલ હતી તેમજ બિલ્ડર્સ એસોસીએશન વતી એસોસીએશનનાં પ્રમુખ શ્રી વેલજીભાઈ શેટા ધ્વારા આ મીટીંગનું આયોજન કરવા બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કરેલ હતો.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૨/૨૦૧૫ થી તા.૧૭/૦૨/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૨૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૦૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૮૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૬૨૩૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૪૪૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજા થી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/ જુની જી.આઈ.ડી.સી., વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડ થી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી વિગેરે વિસ્તારમાંથી કુલ ૭૨૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૯,૯૬,૬૬૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૬ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૧૦,૧૬૨/– ની વસુલાત કરી તથા ૦૨ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૪ એન્ટ્રીમાં રૂા.૯૯,૦૫૦/– અને આર.સી.ની. ૪૩ એન્ટ્રીમાં રૂા.૫,૬૧,૯૭૭/– મળી કુલ રૂા.૬,૬૧,૦૨૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૨૮ એન્ટ્રીમાં રૂા.૧૬૨૦/– અને દંડ ની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે. પાણી ખાતા ધ્વારા ૧૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧,૧૮,૮૦૦/– વસુલ લીધેલ છે.

ઈમ્પેકટ ફી પેટે ૧૬૬ ફાઈલના રૂા.૨૬,૮૩,૨૭૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. જમીન મિલ્કત વિભાગ ધ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૭,૬૫૬/–, મંડપ ચાર્જના રૂા.૧,૧૮૨/–, દબાણ ચાર્જના રૂા.૬,૯૩૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૬૦૦/– મળી કુલ રૂા.૧૬,૩૬૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. કોસાડ આવાસની રૂા.૨,૯૬,૪૧૦/–ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારના રાવનગર લિંબાયતના બ્લોક નં. ૬૯/૧ + ૨ પૈકીમાં મુકિતધામ હિન્દુ સ્મશાન ભુમિ ટ્રસ્ટ દ્વારા સ્મશાન બનાવવાનું આયોજન કરવામાં આવેલ. સદર બ્લોકને લાગુ બ્લોક નં. ૭૦ માં આવેલ કાંતીનગર સોસાયટીના પ્લોટ નં. ૪૭૧,૪૭૨ દ્વારા સદર સ્મશાન ભૂમિની જમીનમાં પતરા,લાકડા,પાટીયા વાળા શેડનું કામ ચલાઉ બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ અને સ્મશાનમાં જતા રસ્તા પર પણ દબાણ કરવામાં આવેલ.જે આજરોજ ઝોન ઓફિસના શહેર વિકાસના સ્ટાફ,દબાણ સ્ટાફ દ્વારા તાબડતોડ રીતે સ્મશાન ભૂમિમાં થયેલ પતરા,લાકડા,પાટીયાના શેડનું અંદાજે ૯૦૦ ચો.ફુટ જગ્યામાં થયેલ દબાણને દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ.તેમજ ફરીથી આ દબાણ ન થાય તે માટે સબંધિતોને તાકીદ કરવામાં આવેલ.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

**તા.૧૮.૦૨.૨૦૧૫** નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૫** ફાઈલના **રૂા.૨.૦૦** લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૧૦** લોકેશન(ખાડા)**૩૮૦.૦૦** ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ **૨૫.૦૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–**૦૫** લોકેશન(ખાડા) **૧૭૦.૦૦** ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન **૨૯૫૦.૦૦** ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.પાણીના નવા કનેકશન કુલ **૩૩** આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૮** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૨૬૫** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૩૪.૬૮** લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૩૪** લાખ થયેલ છે.,**૧૨** EC તથા **૦૬** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૬૪૯/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૩૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૩૮૨** છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૨** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૫૪.૩૮** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૩૨** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૩૧૦૦/–**છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :**૯૩૦૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૨૦૨૫૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૨૭** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૬૭૨** કરવામાં આવેલ છે. જયારે **૦૮** નોટીસ આપવામાં આવેલ છે.

## વરાછા ઝોન

પૂર્વઝોન (વરાછા)ના કાર્યક્ષેત્રમાં ટ્રાફીક સમસ્યાના ઉકેલ માટે  ચાલી રહેલ દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત આજ રોજના તા. ૧૮/૦૨/૨૦૧૫ ના રોજ પુણા–સીમાડા વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૦(પુણા) તથા ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૮(પુણા–સીમાડા) ની વચ્ચે પસાર થતાં ૨૪.૦૦ મી. ના ટી.પી. રસ્તા ઉપર પાણીની ટાંકી પાસે આવેલ શીવ પ્લાઝા કોમ્પલેક્ષથી યોગીચોક ચાર રસ્તા, ટી.પી. રસ્તા એક બાજુના માર્જીનના ભાગમાં આવેલ અનઅધિકૃત બોર્ડ, હોર્ડીંગ્સ, બેનરો, પતરાનો શેડ વિગેરે દબાણ દુર કરવામાં આવેલ તથા માર્જીનમાં બનાવેલ ઓટલાઓનું ડિમોલીશન કરી રોડ લેવલ કરવામાં આવેલ છે. ઉપરાંત અવનારા દિવસોમાં ઝોનના પુણા–સીમાડા વિસ્તારના અન્ય રસ્તાઓ પર  દબાણ ઝુંબેશ ઘનિષ્ઠરૂપે ચાલુ રાખવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરીમાં આશરે ૬૦૦૦.૦૦ ચો.ફુટ જમીન ખુલ્લી કરવામાં આવેલ છે. ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેના શહેર વિકાસ ખાતાના સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ, દબાણ સ્ટાફ તથા  સ્થાનીક લોકોના સાથ સહકારથી શાંતિપૂર્ણ વાતાવરણમાં પાર પાડવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયેતા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૧૮/૦૨/૨૦૧૫ નાં રોજ સુરત મહાનગરપાલિકાના પ્લોટોમાં / ખાનગી પ્લોટોમાં ઉગી નિકળેલ નકામા ઘાસ–છોડવા–વેલાના કટીંગની અને સાફ–સફાઈની કામગીરી, ઉપરાંત રોડની આજુ બાજુ ફુટપાથ, ડિવાઈડર, વોટર ટેબલ સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન સરકારી / અર્ધસરકારી / મહાનગરપાલિકાના– ૧૬૫ તેમજ ખાનગી માલિકીના– ૨૩૧ મળી કુલ–૩૯૬ ઓપન પ્લોટોની ઘનિષ્ઠ સાફ–સફાઈ કરવામાં આવેલ છે તેમજ સફાઈ – સ્વચ્છતા વિરુધ્ધની પ્રવૃત્તિ કરતા જણાયેલ–૨૮ ઈસમો પાસેથી કુલ રૂા.૨૮,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૨/૦૨/૨૦૧૫ થી તા.૦૮/૦૨/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૯,૦૮૦/–, વેસ્ટઝોન – રૂા.૩,૫૫૦/–, સાઉથઝોન – રૂા.૫,૨૨૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૧૧,૩૫૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૧,૭૫૦/–, નોર્થઝોન – રૂા.૨,૫૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૭,૪૦૦/– મળી  તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૪૦,૮૫૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## પ્રેસનોટ

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર (બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૬, નોંધ નં. ૨૬૬૨ /૧૦ ખાન સાહેબનો ડેલો, રૂઘનાથપુરા સુરત ખાતે આવેલ મિલ્કતમાં મિલ્કતના હિતધરાવનારાઓ દ્વારા ભોયતળિયાના ભાગે જાહેર રસ્તા પર બાંધકામ કરવામાં આવતા સદર વિસ્તારના રહીશો દ્વારા વારંવાર થયેલ ફરીયાદ અન્વયે અગાઉ સદર બાંધકામ તોડી દૂર કરવામાં આવેલ તેમ છતા મિલ્કતના હિતધરાવનારાઓ દ્વારા ફરીથી જાહેર રસ્તા પર બાંધકામ કરવામાં આવતા મહીધરપુરા તેમજ ચોક બજાર પોલીસ સ્ટેશનના સ્ટાફની હાજરીમાં આજ રોજ તા. ૧૮/૦૨/૨૦૧૫ થી આશરે ૨૫૦ ચો.ફુટ બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૨, નોંધ નં. ૪૨૩૦/અ–બ કાલા મહેતાની શેરી,સગરામપુરા,સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી ટી.ડી.ઓ. નં. ૨૬૩, તા.૨૯/૫/૨૦૧૪ થી બેઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોર તથા એક થી ચાર માળ માટે રહેણાંક ના હેતુસર વિકાસ પરવાનગટી આપવામાં આવેલ છે. વધુમાં મિલ્કતદારને મંજૂર પ્લાન વિરૂધ્ધ ગેરકાયદેસર બાંધકામ ન કરવા માટે સ્થળ પર જઈને વારંવાર સૂચનાઓ આપવામાં આવેલ તેમ છતા મિલ્કતના હિતધરાવનારાઓ દ્વારા પાચમાં અને છઠ્ઠા માળે વધારાનું આર.સી.સી બીમ, કોલમ અને સ્લેબ સહીતનું બાંધકામ કરવામાં આવતા આજ રોજ તા. ૧૮/૦૨/૨૦૧૫ થી આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું પાચમાં તથા છઠ્ઠા માળનું વધારાનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર (બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજે તા. ૧૮/૦૨/૨૦૧૫ ના રોજ સેન્ટ્રલ ઝોન વિવિધ વિસ્તારો જેવા કે છે. સૈયદપુરા પંપીગ,રામપુરા પેટ્રોલ પંપ પાસેથી હોડી બંગલા વિસ્તાર, આઈ.પી.મીશન પાસે મુગલીસરા મેઈન રોડ થી નાણાવટ મેઈન રોડ થી વિઠ્ઠલવાડી, લાલગેટ પટેલ મોટર ડ્રાઈવીંગ પાસેનો વિસ્તાર, લાલગેટ થી ભાગાતળાવ મનીષ માર્કેના બજાર તથા લાલગેટ થી ચોક બજાર સુધીના રાજમાર્ગ તેમજ ચૌટા બજાર જેવા ગીચ અને ટ્રાફીક ની સમસ્યા ધરાવતા વિસ્તારો ખાતે સેન્ટ્રલ ઝોન દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા આજે તા. ૧૮/૦૨/૧૫ ના રોજ ટાઉન પ્લાનર (બી), અને કાર્યપાલક ઈજનેર શ્રી, લોકસેવા વિભાગના જુ.ઈજનેર, બેલદારો તથા વાહનો નંગ ૬ સહિતના સ્ટાફ સાથે ચોક બજાર પોલીસ સ્ટેશન તથા અઠવા પોલીસ સ્ટાફના સહયોગથી દબાણ ઝુંબેશ હાથ ધરી ઉપરોકત વિસ્તારો ખાતે લાગુ રસ્તા તથા ફુટપાઠ ઉપર દબાણકર્તાઓ ધ્વારા ખાણી–પીણીની લારી – ગલ્લા, કાઉન્ટર , પાથરણા વિગેરે તથા દુકાનધારકો ધ્વારા ફુટપાથ ઉપર સામાન મુકી કરવામાં આવેલ દબાણ દૂર કરી નીચે જણાવેલ સામાન જમાં લેવામાં આવેલ છે.

(૧) ખુલ્લી લારી – ૦૩

(૨) બંધ લારી – ૦૫

(૩) લોખંડની કેબલ – ૦૨

(૪) કાઉન્ટર – ૧૩

(૫) પ્લાસ્ટીક /લોખંડ/ લાકડાના ટેબલ ખુરશી – ૨૪

(૬) રસનું મશીન – ૦૩

(૭) પટ્ટાના સ્ટેન્ડ – ૦૨

(૮) સાઈન બોર્ડ – ૦૫

(૯) અન્ય પરચુરણ સામાન – ૪૦

## પ્રેસનોટ

## બાકી મિલ્કત વેરો ભરપાઈ ન થતાં જાહેર રજાઓના દિવસે સેન્ટ્રલ ઝોનના કર્મચારીઓ ધ્વારા વેરા વસુલાતની ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

તા.૧૬–૨–૨૦૧૫ થી તા.૧૮–૨–૨૦૧૫ દરમ્યાનની જાહેર રજાઓ સહિત સુરત મહાનગરપાલિકા – સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને આસી.કમિશ્નરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગના કર્મચારીઓએ શહેરના નાનપુરા, સગરામપુરા, ઝાંપાબજાર, બેગમપુરા, મહિધરપુરા, રામપુરા, સ્ટેશન વિસ્તારોમાં જુદી જુદી ટીમો બનાવી મિલકત વેરા ઝુંબેશરૂપે પેટે કુલ રૂા.૪૪,૬૬,૦૪૭/– ની વસુલાત કરેલ છે. તેમજ મિલકતવેરો નહીં ભરતાં ૪૪ મિલકતદારોની મિલકતો સીલ કરવામાં આવેલ છે. તેમજ ૦૬ મિલકતોમાં નળ કનેકશન કાપવામાં આવેલ છે.

આ સમયગાળા દરમ્યાન વ્યવસાય વેરા પેટે કુલ રૂા.૧૨,૭૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે જે પૈકી નવી આર.સી. સંસ્થા–૧૬ અને નવી ઈ.સી.સંસ્થા–૩૧ ની નોંધણી કરી વસુલાત કરવામાં આવેલ. આ ઝુંબેશ સતત ચાલુ રાખી બાકી મિલકતદારોની મિલકતો હરાજીમાં વેચાણ કરી બાકી મિલકતવેરા વસુલવાનું આગામી આયોજન કરવામાં આવેલ છે તથા બાકી મિલકતદારોની મિલકતોને ટાંચમાં લઈ નળ અને ડ્રેનેજ કનેકશનો કાપવાની ઘનિષ્ઠ ઝુંબેશ શરુ કરવામાં આવેલ છે એવું મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

આથી તમામ કરદાતાઓને તાકીદ કરવામાં આવે છે કે, આપનો બાકી મ્યુ.વેરો તથા વ્યવસાય વેરો તાકીદે ભરપાઈ કરવા અનુરોધ છે.